Monday, 03 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ



કોઈ પણ ધર્મની સ્થાપના માટે કોઈની હત્યા કરવાનો ઉલ્લેખ કોઈ ધર્મમાં નથી. - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષ: ૨૩ ● અંકઃ ૨૩૦ ● સંવત-૨૦૮૨ અષાઢ વદ ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

# દમણ અને દીવના સાંસદ ઉમેશભાઈ પટેલ અને તત્કાલિન જિ.પં. પ્રમુખ સુરેશભાઈ પટેલને બે વર્ષની કેદની સજાનો ચુકાદો

## વર્ષ ૨૦૧૧ના એક કેસમાં સરકારી અધિકારીઓના કામકાજમાં અવરોધ પેદા કરવા માટે દોષિત ઠેરવી દમણના ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સિનિયર ડિવિઝન પ્રણિતા ભારસકડે-વાઘે સંભળાવેલી સજા

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૨

દમણ અને દીવના અપક્ષ સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ અને દમણ જિલ્લા પંચાયતના તત્કાલિન અધ્યક્ષ શ્રી સુરેશભાઈ પટેલને વર્ષ ૨૦૧૧ના એક કેસમાં સરકારી અધિકારીઓના કામકાજમાં અવરોધ પેદા કરવા માટે દોષિત ઠેરવી અદાલતે બે-બે વર્ષની સાધારણ જેલની સજા સંભળાવી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે શનિવારે દમણના ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ (સિનિયર ડિવિઝન) શ્રીમતી પ્રણિતા ભારસકડે-વાઘની અદાલતે શ્રી ઉમેશભાઈ પટેલ અને શ્રી સુરેશભાઈ પટેલને દોષિત ઠેરવી બે-બે વર્ષની સાધારણ જેલની સજા સંભળાવી હતી અને સાથે બંને દોષિતો ઉપર પાંચ-પાંચ હજારનો દંડ પણ લગાવવામાં આવ્યો હતો. જો કે અદાલતે બંનેને ઉચ્ચ અદાલતમાં અપીલ ફાઈલ કરવા માટે અવસર આપવા માટે સજા ઉપર એક મહિનાની રોક લગાવી છે.

અદાલતે બંને આરોપીઓને ભારતીય દંડ સંહિતાની આઈપીસીની કલમ ૧૮૬(લોકસેવકને તેમના કર્તવ્યના નિર્વહનથી રોકવા) અને કલમ ૩૫૩ (લોકસેવકના વિરૂદ્ધ અપરાધિક બળનો પ્રયોગ) અંતર્ગત ગુનેગાર ઠેરવવામાં આવ્યા છે. જ્યારે અદાલતે આઈપીસીની કલમ ૩૩૨(લોકસેવકને ઈજા પહોંચાડવી), કલમ ૪૫૨(અનઅધિકૃત પ્રવેશ) અને કલમ ૫૦૪(ઈરાદાપૂર્વક અપમાન કરવું)ના આરોપોથી મુક્ત કર્યા છે.

ફરિયાદી પક્ષ મુજબ આ કેસ ૧૨મી માર્ચ, ૨૦૧૧નો છે. આ દિવસે મોટી દમણ ખાતે આવેલ ફૂટબોલ મેદાનમાં એક્સાઈઝ સબ ઈન્સ્પેક્ટરની પોસ્ટ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી હતી. જેમાં શ્રી ઉમેશભાઈ પટેલ અને શ્રી સુરેશભાઈ પટેલ ભરતી સ્થળ ઉપર જબરજસ્તીથી પ્રદેશ કરી ત્યાં ડ્યુટી ઉપર તૈનાત પોલીસકર્મીઓને ધક્કો માર્યો હોવાનો આરોપ છે. ત્યારબાદ તેઓ એક્સાઈઝ સબ ઈન્સ્પેક્ટરોની ફિઝિકલ ટેસ્ટ ચાલી રહી હતી ત્યાં પહોંચી ઉપસ્થિત અધિકારીઓ સાથે કરેલા અભદ્ર વ્યવહારથી સરકારી કામમાં બાધા ઉત્પન્ન થઈ હોવાનું ફરિયાદી પક્ષે જણાવ્યું હતું. આ કેસની ફરિયાદ તત્કાલિન અતિરિક્ત એસ.પી. શ્રી જગમહેન્દ્ર સિંઘે દાખલ કરી હતી. ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે બંને આરોપીઓએ ભરતી પ્રક્રિયા દરમિયાન પોલીસકર્મીઓ અને અધિકારીઓ સાથે ધક્કામુકી અને અભદ્ર વ્યવહાર કર્યો હતો જેનાથી લોકસેવકોના અધિકારીક કામમાં અવરોધ ઉત્પન્ન થયો હતો.



કેસની સુનાવણી પૂર્ણ થયા બાદ અદાલતે શનિવારે બંને આરોપીઓને દોષિત ઠેરવી બે-બે વર્ષની સાધારણ જેલની સજા સંભળાવી હતી અને સાથે બંને ઉપર રૂા.૫૦૦૦નો દંડ પણ લગાવ્યો હતો.

## મારા માટે પદથી મોટું જનહિત છે તેથી...

# ‘‘મારે પોતાના પદનો પણ ત્યાગ કરવો પડે તો હું આ બલિદાનને હસતા મોઢે સ્વીકાર કરીશ’’: સાંસદ ઉમેશભાઈ પટેલ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૨

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલે આજે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ લાઈવના પોતાના કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, તેમના વિરૂદ્ધ જે પ્રકરણમાં સજા સંભળાવવામાં આવી છે તે કોઈ અસામાજિક યા વ્યક્તિગત સ્વાર્થથી જોડાયેલા કાર્યના કારણથી નથી, પરંતુ પોતાના પ્રદેશ અને જનતાના ન્યાય હક્ક અને અધિકારોની લડાઈ લડવાના કારણે છે.



શ્રી ઉમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શું જનતાના અધિકારો માટે અવાજ ઉઠાવવો ગુનો છે?

‘‘મારા માટે પદથી મોટું જનહિત છે. જો જનતાના હિતોની રક્ષા કરતા મારે પોતાના પદનો પણ ત્યાગ કરવો પડે તો હું આ બલિદાનને હસતા મોઢે સ્વીકાર કરીશ.’’ શ્રી ઉમેશભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, તમે નિશ્ચિંત રહો, તમારા આશીર્વાદ અને કાયદા ઉપર પૂર્ણ વિશ્વાસની સાથે આપણે લોકતાંત્રિક અને કાનૂની રીતે લડાઈ લડીશું. તમારા દ્વારા આપવામાં આવેલ સાંસદ પદની રક્ષા માટે દરેક વૈધાનિક પ્રયાસ કરીશું. તેમણે છેલ્લે જણાવ્યું હતું કે, તમારો વિશ્વાસ જ મારી સૌથી મોટી તાકાત છે.




## હજુ ‘ભેંસ ભાગોળે અને છાશ છાગોળે’ જેવી સ્થિતિ હોવા છતાં

# સાંસદ ઉમેશભાઈ પટેલને બે વર્ષની જેલની સજાનો આદેશ થતાં જ દમણ-દીવના રાજકારણમાં જોમ અને જુસ્સા સાથે ચેતનાનો સંચાર

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૨

દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલને શનિવારે અદાલતે બે વર્ષની જેલની સજાના સંભળાવેલા આદેશ બાદ પ્રદેશના રાજકારણમાં ભરચોમાસે ગરમી અને ચેતનાનો સંચાર થયો છે.

જન પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ના કાયદાની કલમ ૮ અંતર્ગત જો કોઈ જન પ્રતિનિધિને કોઈ કેસમાં બે વર્ષ અથવા તેનાથી વધુની કેદની સજા સંભળાવવામાં આવે તો તેમની સદસ્યતા રદ્ થઈ જતી હોય છે. તેથી આ જોગવાઈના કારણે દમણ અને દીવમાં સાંસદ બનવા થનગની રહેલા કેટલાક નેતાઓમાં જોમ અને જુસ્સો આવવા પામ્યો છે.


કાનૂની નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે અદાલત દ્વારા બે વર્ષ યા તેનાથી વધુની સજાનો ચુકાદો આવતા જ સંબંધિત જન પ્રતિનિધિ કાનૂની રૂપથી અયોગ્ય થઈ જાય છે. લોકસભાના સાંસદ માટે લોકસભા સચિવાલય સંબંધિત સજાના આધાર ઉપર સદસ્યતા રદ્ થવાની ઔપચારિક અધિસૂચના જારી કરે છે. સીટ ખાલી થયાની ઘોષણા બાદ ઈલેક્શન કમિશન જે તે મતદાર વિસ્તાર માટે નિયમ મુજબ પેટાચૂંટણીની પ્રક્રિયા શરૂ કરે છે.

જો ઉચ્ચ અદાલત દ્વારા ફક્ત સજા(સેન્ટેન્સ) પર રોક લગાવવામાં આવી હોય તો સભ્યપદ ચાલુ નથી રહેતું. સભ્યપદ(સાંસદ પદ) બચાવવા માટે અદાલતથી દોષસિદ્ધિ(કન્વીક્શન) ઉપર જ પૂર્ણ રોક લગાવવી પડે છે. આ કેસમાં સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ પાસે સૌથી પહેલો વિકલ્પ

- (વધુ પાના નં.૭ પર)

**સાંસદ પાસે પોતાની સજા ઉપર સ્ટે ઓન કન્વીક્શન મેળવવાના વિકલ્પો ખુલ્લા છે**






## સુવિચાર - સદ્‌વિચાર

જીવન એ કસોટી છે, જે ધીરજ રાખે છે તે જીતે છે,
પ્રયત્ન ક્યારેય વ્યર્થ નથી જતા.

## કવિતા

### અહીં તો બધામાં સિસિફસ વસે છે

અહીં તો બધામાં સિસિફસ વસે છે,
જુદા શાપવશ સૌ શિલા ઊંચકે છે!

નથી દૂત થાતું હવે કોઈ વાદળ,
અહીં યક્ષ, ત્યાં યક્ષિણી ટળવળે છે!


અહલ્યા બની ગઈ બધી લાગણીઓ,
કહો કોઈને રામ નજરે ચડે છે?

દ્વિધાગ્રસ્ત સહદેવ જેવો સમય આ-
જુએ છે બધું, કાંઈપણ ક્યાં કહે છે?

**- હરેશ 'તથાગત'**

## આજની જોક

છગન : 'કાળા રંગનો બલ્બ આપો.'
દુકાનવાળો : 'કાળા રંગનો? ક્યાં લગાવવાનો છે?'
છગન : બપોરે અંધારું કરીને સૂવા માટે લગાવવો છે.'



## કબીર વાણી

**કુબુદ્ધિકો સુઝે નહિ, ઉઠ ઉઠ દેવલ જાય;**
**દિલ દેહેરાકી ખબર નહીં, પથ્થર તે કહાં પાય?**

**-અર્થાત-**

જેઓને ખરી સમજ નથી તેઓજ દોડતા દોડતા દેવળમાં જાય છે; માણસનું અંતઃકરણજ પરમેશ્વરનું રહેઠાણ છે એ વાત તેઓને ખબર ન હોવાથી બિચારા, પથ્થરનાં બાંધેલા દેવળમાં ઈશ્વરને શોધવા જાય છે, તે પરમાત્મા તેઓને કેમ મળે? (Know Ye not that Ye are the Temples of God and the Spririt of God dwelleth in Ye?-Christ.)

## આજનો દિન વિશેષ

### મૈથિલીશરણ ગુપ્ત

ડૉ.મૈથિલીશરણ ગુપ્ત (૩ ઓગસ્ટ ૧૮૮૬ - ૧૨ ડિસેમ્બર ૧૯૬૪) સૌથી મહત્વપૂર્ણ આધુનિક હિન્દી કવિઓમાંના એક હતા. તેમને ખારી બોલી (સાદી બોલી) કવિતાના પ્રણેતાઓમાંના એક ગણવામાં આવે છે અને તેમણે ખારી બોલી બોલીમાં લખ્યું હતું, તે સમયે જ્યારે મોટાભાગના હિન્દી કવિઓ બ્રજ ભાષા બોલીના ઉપયોગની તરફેણ કરતા હતા. તેમને પદ્મ ભૂષણના ત્રીજા સર્વોચ્ચ (ત્યારબાદ બીજા ક્રમના) ભારતીય નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા હતા. તેમના પુસ્તક ભારત-ભારતી (૧૯૧૨) માટે, જે ભારતના સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન વ્યાપકપણે ટાંકવામાં આવ્યું હતું, તેમને મહાત્મા ગાંધી દ્વારા રાષ્ટ્ર કવિનું બિરુદ આપવામાં આવ્યું હતું.




૧૯૫૯માં, રાષ્ટ્રકવિ મૈથિલી શરણ ગુપ્ત અભિનંદન સમિતિ કલકત્તાએ એક અભિનંદન ગ્રંથ પ્રકાશિત કર્યો, જે તેમના જીવન અને કાર્યના સન્માનમાં ૧૦૦૦ પાનાનો વ્યાપક દસ્તાવેજ છે. તેમનો પરિવાર હવે ચિરગાંવમાં RMSG ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન્સ ચલાવે છે, જે ખાસ કરીને છોકરીઓમાં શિક્ષણ સશક્તિકરણના તેમના આદર્શોને પ્રોત્સાહન આપે છે. તેમનો જન્મ ઉત્તર પ્રદેશના ઝાંસીના ચિરગાંવમાં થયો હતો, જે ગહોઈ બાનિયા સમુદાયના કાંકણે કુળમાં એક એવા પરિવારમાં થયો હતો જે એક સમયે શ્રીમંત જમીનદાર પરિવાર હતો, પરંતુ તેમના જન્મ સુધીમાં સંપત્તિ ખોવાઈ ગઈ હતી. તેમના પિતાનું નામ શેઠ રામચરણ ગુપ્તા અને તેમની માતાનું નામ કાશીબાઈ હતું. તેમના પિતા અને તેમના ભાઈ શેરમશરણ ગુપ્તા બંને પ્રખ્યાત કવિઓ હતા. તેમને બાળપણમાં શાળા પસંદ નહોતી, તેથી તેમના પિતાએ તેમના ઘરે તેમના શિક્ષણની વ્યવસ્થા કરી હતી. બાળપણમાં, ગુપ્તે સંસ્કૃત, અંગ્રેજી અને બંગાળીનો અભ્યાસ કર્યો. મહાવીર પ્રસાદ દ્વિવેદી તેમના માર્ગદર્શક હતા. તેમણે ૧૮૯૫ માં લગ્ન કર્યા.

**રાજકીય કારકિર્દી** : ૧૯૪૭માં ભારતને આઝાદી મળ્યા પછી, તેમને રાજ્યસભાના માનદ સભ્ય પણ બનાવવામાં આવ્યા, જ્યાં તેમણે અન્ય સભ્યો સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કરવા માટે કવિતાનો ઉપયોગ કર્યો. તેઓ ૧૯૬૪માં તેમના મૃત્યુ સુધી રાજ્યસભાના સભ્ય રહ્યા. ૧૯૫૪માં તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા.

## આધ્યાત્મિક

**શ્રાવણમાં ભાગવાન શિવને લગાવો આ ખાસ વસ્તુઓનો ભોગ, પ્રસન્ન થશે ભોલે ભંડારી, ઘરમાં લાવશે સુખ સમૃદ્ધિ**

ખીર -શ્રાવણ મહિનામાં, ભગવાન શિવને ચોખા અથવા કમળના બીજની ખીર અર્પણ કરો. એવું કહેવાય છે કે ખીર ભગવાન શિવને ખૂબ પ્રિય છે. ખીર અર્પણ કરવાથી ચંદ્ર દોષ પણ દૂર થાય છે.

**માલપુઆ :** શ્રાવણ મહિનામાં પૂજા પછી, ભગવાન શિવને ઘીમાં તળેલા માલપુઆ અર્પણ કરો. આમ કરવાથી શુભ માનવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન શિવને માલપુઆ અર્પણ કરવાથી જીવનની બધી મુશ્કેલીઓ દૂર થાય છે.

**મોસમી ફળો :** જો તમે કોઈ વાનગી બનાવી શકતા નથી, તો તમે ભગવાન શિવને કેરી, કેળા, સફરજન અથવા લાકડાનું સફરજન, શક્કરિયા અને આલુ જેવા મોસમી ફળો પણ અર્પણ કરી શકો છો.

**ઠંડાઈ :** તમે શ્રાવણ મહિનામાં ભગવાન શિવને ઠંડાઈ પણ અર્પણ કરી શકો છો. વરિયાળી, એલચી અને કેસર ઉમેરવાની ખાતરી કરો.

**સફેદ મીઠાઈઓ :** ભગવાન શિવને સફેદ મીઠાઈ અર્પણ કરવી પણ શુભ માનવામાં આવે છે. તેથી, શ્રાવણ મહિનામાં પૂજા પછી, પશુપતિનાથને સફેદ ખોયા અને માવા બરફીથી બનેલી મીઠાઈ અર્પણ કરો.

**પંચામૃત :** પંચામૃત બનાવવા માટે દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડનો ઉપયોગ થાય છે. તેથી, શ્રાવણ મહિનામાં ભગવાન શિવને પંચામૃત અર્પણ કરો. એ નોંધવું જોઈએ કે શિવલિંગ પર પણ પંચામૃતનો અભિષેક કરવામાં આવે છે. આમ કરવાથી સારૂ સ્વાસ્થ્ય મળે છે.

### લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

# દેશભક્તિ, સાંસ્કૃતિક ગૌરવ અને માતૃભાષાના સન્માન સાથે દાદરા અને નગર હવેલીનો ૭૩મો મુક્તિ દિવસ ઉજવાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

લાયન્સ ક્લબ ઓફ સેલવાસ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત લાયન્સ ઈંગ્લિશ સ્કૂલ, શ્રીમતી દેવકીબા મોહનસિંહજી ચૌહાણ કોલેજ ઓફ કોમર્સ એન્ડ સાયન્સ તથા હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ દ્વારા સંયુક્ત રીતે લાયન્સ ઈંગ્લિશ સ્કૂલના પ્રાંગણમાં દાદરા અને નગર હવેલીનો ૭૩મો મુક્તિ દિવસ દેશભક્તિના ઉમંગ સાથે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના અધ્યક્ષ શ્રી ફતેહસિંહ એમ. ચૌહાણ તથા વિશિષ્ટ અતિથિ તરીકે આદરણીય ઉપાધ્યક્ષ શ્રી અનંતરાવજી ડી. નિકમ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની શરૂઆત શ્રી અનંતરાવજી ડી. નિકમના હસ્તે ધ્વજવંદનથી થઈ. ત્યારબાદ રાષ્ટ્રગાન, ઝંડા ગીત અને વંદે માતરમની ભાવસભર રજૂઆત કરવામાં આવી. ત્યાર પછી મહાનુભાવાનું પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યું સ્વાગત







કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંસ્થાના કોષાધ્યક્ષ શ્રી વિશ્વેશ દવે, સંયુક્ત સચિવ શ્રી જયેન્દ્રસિંહ રાઠોડ, સંયુક્ત કોષાધ્યક્ષ શ્રી હીરાભાઈ પટેલ, મેનેજમેન્ટ સમિતિના સભ્ય શ્રી અભિષેકસિંહ એફ. ચૌહાણ, પ્રાચાર્યા ડૉ.સીમા પિલ્લઈ, ઉપપ્રાચાર્યા ડૉ.જાન્હવી આરેકર, આચાર્યા શ્રીમતી નિરાલી પારેખ, ઉપઆચાર્યાઓ શ્રીમતી પારૂલ ગુપ્તા અને શ્રીમતી મમતા નગરકોટી, પ્રાધ્યાપકો, શિક્ષકો, કાર્યકરિણીના સભ્યો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ શાળા પરિસરની દાદરા નગર હવેલીના ઈતિહાસ, સંસ્કૃતિ અને મુક્તિ સંગ્રામને ઉજાગર કરતી આકર્ષક સજાવટ રહી. વિદ્યાર્થીઓએ સંપૂર્ણપણે ગુજરાતી ભાષામાં દેશભક્તિ ગીતો, નાટિકા, વક્તવ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરી. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન પણ ગુજરાતી ભાષામાં કરવામાં આવ્યું, જે સ્થાનિક ભાષાના સન્માન, સંરક્ષણ અને સંવર્ધનનું ઉત્તમ ઉદાહરણ બન્યું.

પોતાના સંબોધનમાં શ્રી અનંતરાવજી ડી.નિકમે સૌને મુક્તિ દિવસની શુભેચ્છાઓ પાઠવી અને વિદ્યાર્થીઓને વધુમાં વધુ પુસ્તકો વાંચવા, સોશિયલ મીડિયાનો સંયમિત અને સકારાત્મક ઉપયોગ કરવા તેમજ પર્યાવરણના સંરક્ષણ માટે દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવાનું આહ્વાન કર્યું હતું.

મુખ્ય અતિથિ શ્રી ફતેહસિંહ એમ. ચૌહાણે દાદરા અને નગર હવેલીના મુક્તિ સંગ્રામના વીર સ્વાતંત્ર્ય સેનાનીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરી પ્રદેશના ગૌરવશાળી ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે તેમને અંતિમ વરિષ્ઠ પંચાયતના સાતમા અધ્યક્ષ તરીકે સેવા આપવાનું ગૌરવ પ્રાપ્ત થયું હતું. જે તેમના જાહેર જીવનનો ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ પ્રસંગ છે. તેમણે વિદ્યાર્થીઓને નેતૃત્વ ક્ષમતા વિકસાવવા, શિસ્ત અને સામાજિક જવાબદારીનું પાલન કરીને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા. સાથે જ સંસ્થાની સતત પ્રગતિની પ્રશંસા કરતાં શિક્ષકો અને કર્મચારીઓને તેમના સમર્પિત કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા તેમજ સૌને મિત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ આપી હતી.

કાર્યક્રમના અંતે ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષા શ્રીમતી હર્ષા ભંડારી દ્વારા આભારવિધિ કરવામાં આવી. રાષ્ટ્રગાન બાદ તમામ ઉપસ્થિતાને મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર આયોજન દાદરા નગર હવેલીના ગૌરવશાળી ઈતિહાસ, સાંસ્કૃતિક વારસા, માતૃભાષાના ગૌરવ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને નવી પેઢી સુધી પહોંચાડવાનો પ્રેરણાદાયી પ્રયાસ સાબિત થયો હતો.

# અદાણી યુનિવર્સિટીના ત્રિ-સપ્તાહિય ઈન્ડક્શન પ્રોગ્રામ દ્વારા ભવિષ્યના ગ્લોબલ ઈજનેરો સજ્જ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૨**

અદાણી યુનિવર્સિટીએ તેના બેચલર ઓફ ટેકનોલોજી (B.Tech.)અને ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ્સના વિદ્યાર્થીઓ માટે આયોજિત ત્રણ સપ્તાહના ભવ્ય 'ઈન્ડક્શન પ્રોગ્રામ ૨૦૨૬'નું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું. સ્કૂલ લાઈફમાંથી યુનિવર્સિટીના વૈશ્વિક વાતાવરણમાં પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે ખાસ ડિઝાઈન કરાયેલા આ પ્રોગ્રામમાં શૈક્ષણિક પાયો મજબૂત કરવા સાથે અદ્યતન ટેક્નોલોજી, ઈન્ડસ્ટ્રી એક્સપોઝર અને કેમ્પસ એન્ગેજમેન્ટનો અદ્ભૂત સમન્વય કરવામાં આવ્યો હતો.

અદાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો.(ડૉ.) ધવલ પૂજારાએ જણાવ્યું હતું કે , 'યુનિવર્સિટી એ જ્ઞાનને વાસ્તવિક દુનિયાના પડકારોના ઉકેલમાં બદલવાનું પ્લેટફોર્મ છે. આ પ્રોગ્રામ દ્વારા અમે વિદ્યાર્થીઓને ક્લાસરૂમની બહાર વિચારીને નવી ટેક્નોલોજી અપનાવવા પ્રેરિત કર્યા છે. અમારો ધ્યેય માત્ર એન્જિનિયર્સ તૈયાર કરવાનો નથી, પરંતુ એવા ઈનોવેટર્સ ઘડવાનો છે. જેઓ ક્રિટિકલ થિંકિંગ અને જવાબદાર નેતૃત્વ દ્વારા વૈશ્વિક પ્રગતિમાં યોગદાન આપી શકે.'

૧૩ જુલાઈથી ૩૧ જુલાઈ દરમિયાન આયોજિત આ પ્રોગ્રામમાં ઓનલાઈન બ્રિજ કોર્સ દ્વારા ગણિત, ભૌતિકશાસ્ત્ર અને કોમ્યુનિકેશન સ્કિલ્સનું સઘન ઓરિએન્ટેશન કરાયું હતું. ત્યારબાદ, દેશ-વિદેશની પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાંતો જેવા કે પ્રો.કવિ આર્ય (IIT બોમ્બે), ડૉ.કૌસ્તવ બક્ષી (IIT ઈન્દોર), ડૉ.સૌકત કુમાર દાસ (NIT રાઉરકેલા) અને યુકેથી ડૉ. ઋષભ અભિનવ (PSE2 કન્સલ્ટિંગ) એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રિસર્ચ અને ઈનોવેશન પર માર્ગદર્શન આપ્યું હતું.

અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડના CEO શ્રી અરૂણ બંસલ, વિશાખા ગ્રુપના ચેરમેન શ્રી જીગીશ દોશી અને અદાણી ગ્રુપના જોઈન્ટ પ્રેસિડેન્ટ શ્રી અજય કુમાર તોમરે લીડરશીપ, રેઝિલિયન્સ અને લાઈફલોન્ગ લર્નિંગના સિક્રેટ્સ શેર કર્યા હતા. પ્રોગ્રામમાં ટીમ-બિલ્ડિંગ, વન-ટુ-વન મેન્ટોરિંગ અને કેમ્પસ સુરક્ષા માટે એન્ટી-રેગિંગ તથા POSH પોલિસી અંગે પણ વિશેષ જાગૃતિ સત્રો યોજાયા હતા. આ પ્રોગ્રામ વિદ્યાર્થીઓમાં એન્જિનિયરિંગ, ઈનોવેશન અને નેતૃત્વના સમન્વયથી વૈશ્વિક પાયો મજબૂત કરનારો સાબિત થયો છે.

### રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા

# રોહીદ વાલનેર તથા ઈલાવ પ્રાથમિક શાળામાં રજીસ્ટર તથા એજ્યુકેશન કીટ વિતરણ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા. ૦૨**

વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયનાં ભાગરૂપે સેવાકીય સંસ્થા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા હાંસોટ તાલુકાની રોહીદ, વાલનેર તથા ઈલાવ કુમાર અને કન્યા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ફુલસ્કેપ રજીસ્ટર તથા એજ્યુકેશનલ કીટનું વિતરણ પ્રેસિડેન્ટ સુનિલ નાડકર્ણી, સેક્રેટરી પ્રણવ બ્રહ્મભટ્ટ, મંથલી સર્વિસ પ્રોજેક્ટ ચેર ગજેન્દ્ર પટેલ, પ્રોજેક્ટ ચેર જીજ્ઞેશ પટેલ, ટ્રેઝરર સંજય પ્રજાપતિ, મેમ્બરશીપ ચેર હેતલ પટેલ, રોટેરીયન ઓપી સિંગ, હિરેન શાહની ઉપસ્થિતિમાં શાળાનાં બાળકોને વિતરણ કરવામાં આવ્યું. શાળા પરિવાર દ્વારા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## અદાણી ટોટલ ગેસ લિ. CNGનો અવિરત પુરવઠો ઉપલબ્ધ બની રહે તે માટે તમામ પ્રયાસો સુનિશ્ચિત કરી રહ્યું છે.

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૨**

અદાણી ટોટલ ગેસ લિમિટેડના પ્રવક્તાએ જણાવ્યું કે, દેશમાં સ્થાનિક કક્ષાએ સીએનજીની ઓછી ઉપલબ્ધતા, પુરવઠામાં અણધાર્યા કાપ અને ભૂરાજકીય મુદ્દાઓને કારણે વૈશ્વિક સ્તરે ગેસના ઊંચા ભાવો વગેરે જેવા વિપરીત સંજોગોના કારણે કુદરતી ગેસ મેળવવા માટે ચુકવવી પડતી કિંમતમાં થયેલા નોંધપાત્ર વધારાને લીધે CNGના ભાવમાં ફેરફારો અનિવાર્ય બન્યો છે. આ પડકારો વચ્ચે પણ અદાણી ટોટલ ગેસ લિ. ગ્રાહકો પર તેની અસર શક્ય તેટલી ઓછી થાય તે માટે વાજબી દર અને પર્યાવરણને અનુકૂળ ઈંધણનો વિકલ્પ બની રહેલા CNGનો અવિરત પુરવઠો ઉપલબ્ધ બની રહે તે માટે તમામ પ્રયાસો સુનિશ્ચિત કરી રહ્યું છે.

# દીવના ગોમતી માતા બીચ ખાતે દરિયામાં ડૂબતા કોટડાના માછીમારનો પોલીસ જવાને જીવ બચાવ્યો







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૦૨**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે સાંજના સમયે ગોમતી માતા બીચ નજીક દરિયામાં ડૂબી રહેલા કોટડા ગામના એક માછીમારનો દીવ કોસ્ટલ પોલીસના જવાને બહાદુરીપૂર્વક જીવ બચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ કોટડા ગામના રહેવાસી રામજીભાઈ પોતાની નાની હોડીને બચાવવા માટે દરિયામાં ગયા હતા. આ દરમિયાન દરિયામાં ભારે કરંટ અને મોજાંના કારણે તેઓ પાણીમાં ડૂબવા લાગ્યા હતા.

ઘટનાની જાણ દરિયા કિનારે હાજર એક વ્યક્તિએ તાત્કાલિક કોસ્ટલ પોલીસના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર લકમણને કરી હતી.

જાણ મળતા જ હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્ર લકમણ તથા પોલીસ કોન્સ્ટેબલ (PC-345) મિતેષ બારીયા તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજી પોલીસ કોન્સ્ટેબલ મિતેષ બારીયાએ પોતાની જાનની પરવા કર્યા વિના તરત જ દરિયામાં છલાંગ લગાવી હતી. તેઓ દરિયામાં દૂર સુધી તરતા જઈ ડૂબી રહેલા રામજીભાઈ સુધી પહોંચ્યા અને તેમને સુરક્ષિત રીતે બહાર કાઢી કિનારે લાવ્યા હતા. ત્યારબાદ પોલીસ જવાનોએ રામજીભાઈના શરીરમાંથી પાણી બહાર કાઢી તેમને પ્રાથમિક સારવાર આપી હતી. પોલીસની સમયસરની કામગીરી અને મિતેષ બારીયાની બહાદુરીના કારણે એક વ્યક્તિનો જીવ બચી ગયો હતો.

આ ઘટનાએ દીવ પોલીસની સતર્કતા, ફરજનિષ્ઠા અને માનવતાભરી કામગીરીને ઉજાગર કરી છે, જેના માટે સ્થાનિક લોકોએ પોલીસ ટીમની પ્રશંસા વ્યક્ત કરી હતી.

### તંત્ર સામે સ્થાનિકોમાં ભારે રોષ

# સુરતના ઓલપાડના બોલાવ ગામે પૂરના પાણી ઘૂસ્યા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૨**

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકામાં આવેલા બોલાવ ગામે કીમ નદીના પૂરના પાણી ઘૂસી જતાં ગ્રામજનોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. ગઈકાલે (પહેલી ઓગસ્ટ) કીમ નદીના રૌદ્ર સ્વરૂપને કારણે ગામના ૧૦૦થી વધુ ઘરોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. જો કે, હવે મોટા ભાગના વિસ્તારોમાંથી ધીમે-ધીમે પાણી ઓસરવાના શરૂ થયા છે, પરંતુ સ્થિતિ હજુ સંપૂર્ણપણે થાળે પડી નથી. મળતી માહિતી અનુસાર, બોલાવ ગામના નવા હળપતિ વાસ વિસ્તારમાં સ્થિતિ હજુ પણ વિકટ છે. આ વિસ્તારના ૩૦થી વધુ ઘરોમાં હજુ પણ ૪થી ૫ ફૂટ જેટલા પૂરના પાણી ભરાયેલા છે. નોંધનીય છે કે, ગઈકાલે કીમ નદીના પાણી બેકાબૂ બનતાં નવા હળપતિ વાસ, જૂના હળપતિ વાસ તથા આહીર ફળિયા સહિતના વિસ્તારોના ઘરોમાં રાતોરાત પાણી ઘૂસી ગયા હતા.ઘરોમાં અચાનક પૂરના પાણી ઘૂસી જવાથી સ્થાનિક રહીશોની આખી ઘરવખરી, કપડાં અને અનાજનો જથ્થો પલળીને વેડફાઈ ગયો છે, જેના કારણે ગ્રામજનોને મોટું આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

દુર્ઘટનાના આટલા કલાકો વીતી ગયા હોવા છતાં સ્થાનિક તંત્ર કે પ્રશાસન દ્વારા કોઈ યોગ્ય રાહત કામગીરી ન કરવામાં આવતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે પ્રશાસન દ્વારા જમવાની કે પીવાના ચોખ્ખા પાણીની કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. મુશ્કેલીના આ સમયમાં તમામ લોકો પોતાની રીતે જ સલામત સ્થળે ખસી જવા મજબૂર બન્યા હતા.

# સુરતમાં મેટ્રોની કામગીરી અને વરસાદી ખાડાઓથી વાહનચાલકો ત્રસ્ત

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૨**

આ ચોમાસામાં સુરતીઓના માથેથી આફત ઓસરવાનું નામ જ લેતી નથી. પાણી ભરાવાની સમસ્યામાંથી માંડ રાહત મળી ત્યાં શહેરના અનેક રસ્તાઓ પર પડેલા ખાડાઓએ લોકોની મુશ્કેલી બમણી કરી દીધી છે.

સુરતના સૌથી વ્યસ્ત માર્ગોમાં ગણાતા રીંગરોડ અને વરાછાથી સ્ટેશન તરફ જતા માર્ગ પરથી રોજ હજારોની સંખ્યામાં વાહનો પસાર થાય છે. ભારે વરસાદ બાદ રસ્તાની સપાટી અનેક સ્થળે ધોવાઈ જતાં મોટા અને ઊંડા ખાડા પડી ગયા છે. પરિણામે વાહનચાલકોને વારંવાર ગતિ ધીમી કરવી પડે છે અથવા ખાડા બચાવવા જોખમી રીતે વાહન ચલાવવું પડે છે. ખાસ કરીને દ્વિચક્રી વાહનચાલકો માટે આ માર્ગ અકસ્માતનું સાધન બની ગયો હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

મેટ્રોની કામગીરીને કારણે અગાઉથી જ માર્ગ સાંકડો બન્યો છે, અને ઉપરથી રસ્તાની દયનીય હાલતના કારણે દિવસભર ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. તેમાં પણ મજુરાગેટથી ઉધના દરવાજા તરફ જતા માર્ગ પર મેટ્રોના પિલર નીચે વાહન ચલાવવું એટલે કે જાણે મોતના કૂવામાં વાહન ચલાવતા હોવ તેવો ઘાટ વાહનચાલકોનો થઈ રહ્યો છે. એટલી મોટી માત્રામાં ખાડા છે કે મોટા વાહનચાલકોને પણ મુશ્કેલી પડે છે, આવામાં નાના ટૂ-વ્હીલર માટે તો આ રસ્તો અકસ્માતનું નિમંત્રણ બની રહ્યો છે.

પીક અવર્સ દરમિયાન વાહનોની ગતિ ધીમી હોવાથી ભારે ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે અને લાંબી કતારો લાગી રહી છે, જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાલિકા અને મેટ્રો વચ્ચે સંકલન થયું હતું અને મેટ્રો દ્વારા આવા રસ્તાઓ બનાવવાની બાંહેધરી આપવામાં આવી હતી,

# નવસારી જિલ્લામાં પાણી ઓસરતાં અસરગ્રસ્ત વિસ્તારોની જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા સ્થળ મુલાકાત

## સ્થળાંતરિત નાગરિકો સાથે સંવાદ કરી વહીવટી તંત્રની કામગીરી અંગે મેળવ્યો પ્રતિસાદ



-તસવીર: દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૦૨**

નવસારી જિલ્લામાં તથા ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પરિસ્થિતિ સર્જાતા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે નાગરિકોએ અગાઉથી જ વિવિધ આશ્રયસ્થાનોમાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા. હવે પાણી ઓસરતાં સ્થળાંતરિત નાગરિકો ધીમે ધીમે પોતાના નિવાસસ્થાને પરત ફરી રહ્યા છે.

આ સંદર્ભે નવસારી જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે નવસારી મહાનગરપાલિકા વિસ્તારની રેલ રાહત કોલોની, ભેંસત ખાડા, કાશીવાડી રિંગ રોડ, મિથિલા નગરી, વિરાવળ, શાંતાદેવી વિસ્તાર તેમજ જલાલપોર તાલુકાના માણેકપોર અને તવડી ગામની મુલાકાત લીધી હતી.

સ્થળ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રીએ અસરગ્રસ્ત નાગરિકો સાથે સીધો સંવાદ કરી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી સ્થળાંતરની કામગીરી, આશ્રયસ્થાનોમાં ઉપલબ્ધ કરાવવામાં આવેલી સુવિધાઓ તેમજ રાહત અને બચાવ કામગીરી અંગે પ્રતિસાદ મેળવ્યો હતો. તવડી ગામના ગ્રામજનોએ ભવિષ્યમાં પૂર જેવી પરિસ્થિતિ દરમિયાન ગામમાં પાણીનો પ્રવેશ અટકાવવા માટે પ્રોટેક્શન વોલનું નિર્માણ કરવામાં આવે તેમજ આપત્તિના સમયે ગામને બોટની કાયમી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી રજૂઆત કરી હતી.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, ચાલુ ચોમાસા દરમિયાન નવસારી જિલ્લાએ ત્રણ વખત કપરી અને પૂર જેવી પરિસ્થિતિનો સામનો કર્યો છે, જેમાં મોટી સંખ્યામાં પરિવારો અસરગ્રસ્ત થયા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંદાજે ૩૮ હજારથી વધુ અસરગ્રસ્ત કુટુંબાને કેશડોલ (રોકડ સહાય) તેમજ અંદાજે ૩૦ હજાર જેટલા કુટુંબોને ઘરવખરી સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.

ક્લેક્ટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, બે દિવસ અગાઉ થયેલાં ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. નવસારી મહાનગરપાલિકા વિસ્તારમાં મહાનગરપાલિકાની ટીમો દ્વારા તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સંબંધિત ગ્રામ પંચાયતો મારફતે યુદ્ધના ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ કામગીરીનું પણ સ્થળ પર નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ સ્થળ મુલાકાત દરમિયાન નવસારી મહાનગરપાલિકા કમિશનર શ્રી જયેશ ઉપાધ્યાય, નવસારી પ્રાંત અધિકારી શ્રી જનમ ઠાકોર, મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર શ્રી ગૌરાંગ વાસાણી, જે.યુ.વસાવા, જલાપોર મામલતદારશ્રી મૃણાલ ઈસારાની તથા સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ પર ઔરંગા નદીના કોઝવેની મરામતની કામગીરી પૂરજોશમાં શરૂ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

વલસાડ-ગુંદલાવ-ખેરગામ રોડ પર કિલોમીટર ૨/૦ થી ૧૬/૦ સુધીના માર્ગ પર ગત તા.૨૩.૦૭.૨૦૨૬ના રોજ થયેલા ભારે વરસાદને કારણે ઔરંગા નદી પર આવેલ ડૂબાઉ કોઝવેના એપ્રોચ અને સરફેસનું ધોવાણ થતાં ભારે નુકસાન થયું હતું. આ નુકસાની બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરીને માર્ગને ટ્રાફિક માટે યોગ્ય બનાવી તા.૨૬.૦૭.૨૦૨૬ના રોજ વાહનવ્યવહાર માટે ફરીથી ખુલ્લો મુકવામાં આવ્યો હતો.





જો કે, તારીખ ૩૧.૦૭.૨૦૨૬ના રોજ ફરીથી ખાબકેલા ભારે વરસાદના પરિણામે બ્રિજ ઓવર ટોપિંગ થવાની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે કોઝવેના એપ્રોચમાં ફરી એકવાર ધોવાણ થયું હતું. આ પરિસ્થિતિને પહોંચી વળવા અને રસ્તો ઝડપથી પૂર્વવત કરવા માટે તંત્ર દ્વારા સત્વરે પગલાં લેવામાં આવ્યા છે.

વરસાદનું જોર ઘટતાં જ માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), વલસાડ દ્વારા મટીરીયલ અને મશીનરીની મદદથી યુદ્ધના ધોરણે મરામતની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ કામગીરીને ઝડપથી પૂર્ણ કરવા માટે વિભાગ દ્વારા ૧૦ અલગ-અલગ ટીમો કામે લગાડવામાં આવી છે. આ ટીમોમાં ૭૫ જેટલા શ્રમિકો, ૧૧ જેસીબી મશીન, ૫ ટ્રેક્ટર અને ૨ ડમ્પરનો ઉપયોગ કરીને રસ્તાઓ તેમજ સીડી વર્ક્સના સમારકામની કામગીરી અત્યંત ઝડપથી કરવામાં આવી રહી છે, જેથી નાગરિકો માટે આ માર્ગ વહેલી તકે ફરીથી કાર્યરત કરી શકાય.

## ગાંધી વિદ્યાલય પરીયા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા

# અંબાચ ગામે પૂરપીડિતોને સહાય કિટ વિતરણ કરાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૨**

અંબાચ નાયકવાડ ગામે પૂરગ્રસ્ત લોકોના વ્હારે ગાંધી વિદ્યાલય પરીયા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી.

અતિભારે વરસાદને કારણે સમગ્ર વલસાડ જિલ્લો પૂરની ચપેટમાં આવી ગયો છે. કાચા પાકા મકાનમાં રહેતા લોકોથી માંડીને મોટા પાકા ઘરોમાં રહેતા લોકો ભયંકર આપદામાં મુકાઈ ગયા છે. ઘરની અંદરથી કપડાં, માલસામાન, રાશન વગેરે તમામ ચીજવસ્તુઓ પાણી સાથે વહી ગઈ છે. માંડ માંડ પહેરેલાં કપડાં સાથે જીવ બચાવીને જીવેલા લોકોને વ્હારે અનેક સેવાકીય સંસ્થાઓ, સરકારી તંત્ર દ્વારા વિવિધ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથેની કિટ વિતરણ કરાઈ રહી છે.

ત્યારે પારડી તાલુકાની પરિયા ગાંધી વિદ્યાલય અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ કંઈક એવું થયું કે,આપણા આજુબાજુના ગામો તથા આ શાળામાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓના પરિવારોને પૂરના પાણીમાં બધુ જ વહી ગયું છે. એટલે આપણે સાથે મળીને કંઈક મદદરૂપ થઈ શકેએ એવા વિચારોની પ્રેરણાથી શાળાના આચાર્ય સાથે વાત કરીને આ કિટ વિતરણ કરવાનું વિચારીને પોતાના ઘરેથી થોડું થોડું સામાન ભેગુ કરીને સરસ મજાની થોડા દિવસ ચાલે તેવું ખાવાનું ખાઈ શકાય તેવી રાશનની કિટ તૈયાર કરવામાં આવી હતી. જે કિટ શાળાના આચાર્ય તથા તેમના સ્ટાફ સાથે લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લ તથા કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અંબાચ નાયકીવાડ મુકામે વરસાદનો ભોગ બનેલા ૫૦થી વધુ કુટુંબોને અનાજ, રાશન દવા વગેરેની મદદ પુરી પાડી છે. જેમાં લાયન્સ ક્લબ ઓફ પારડી પર્લના પ્રેસિડેન્ટ લા.પ્રેમલસિંહ ચૌહાણ, ખજાનચી લા.ભરતભાઈ દેસાઈ ઉપરાંત ક્લબ મેમ્બર્સ શાંતિલાલ પટેલ કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી નિતિનભાઈ પટેલ સાથે રહીને પુરપીડિતોને અંબાચ નાયકીવાડ ગામે ૫૦ જેટલા પરિવારોને રોજીંદા જીવન જરૂરિયાતની વસ્તુઓ સાથેની કિટ વિતરણ કરવામાં આવી હતી. સાથે સાથે મહિલાઓને સેનેટરી પેડ વિતરણ કરવામાં આવ્યા હતા.

શાળાના આચાર્ય શ્રીમતી આશાબેન દેસાઈ તથા સ્ટાફ સાથે મળીને ચાર જેટલા પરિવારો માટે મકાન બનાવી આપવાની પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમજ હજુ પણ પૂર પિડિતો માટે કિટની જરૂરીયાત રહેશે તો પણ આપવા ઈચ્છા વ્યકત કરી હતી.

મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ શાળાના શિક્ષકો ગામના સરપંચ શ્રીમતી મનિષાબેન પટેલ ખેરલાવ ગામના સરપંચ શ્રી મયંકભાઈ પટેલ, લાયન્સ મેમ્બર્સ, કર્તવ્ય ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહી સેવા બજાવી હતી.

# નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

નારી વંદન ઉત્સવ અંતર્ગત મહિલા સુરક્ષા દિવસ નિમિત્તે જિલ્લા વહીવટી તંત્ર-વલસાડ અને જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી-વલસાડ દ્વારા તા. ૦૧-૦૮-૨૦૨૬ના રોજ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ભીલાડ, તા. ઉમરગામ ખાતે ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.




કાર્યક્રમમાં શ્વેતાબેન આર. દેસાઈ, જિલ્લા મહિલા અને બાળ અધિકારી-વલસાડ દ્વારા મહિલાઓના રક્ષણ, સશક્તિકરણ અને સમાનતા સુનિશ્ચિત કરવા માટે ઘડાયેલા વિવિધ કાયદાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. શ્રી કમલેશ ગીરાસે, દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારી-વલસાડ દ્વારા ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ મહિલાઓ પર થતા વિવિધ પ્રકારના અત્યાચાર અને હિંસાના સ્વરૂપો અંગે સમજણ આપવામાં આવી હતી.

જીગ્નેશભાઈ પટેલ, ડિસ્ટ્રીક્ટ મિશન કો-ઓર્ડિનેટર (DHEW), વલસાડ દ્વારા વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તેમજ અન્ય વિવિધ મહિલાલક્ષી સરકારી યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. જીસીલભાઈ, પેરા લીગલ વોલન્ટિયર (PLV), જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ (DLSA), ઉમરગામ દ્વારા મહિલાઓના કાનૂની અધિકારો, વિવિધ મહિલા સુરક્ષા કાયદાઓ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા અમલમાં મુકાતી યોજનાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

બી. કે. પટેલ, પી.આઈ., વલસાડ દ્વારા પોક્સો એક્ટ, ફેમિલી લૉ જેવા મહત્વપૂર્ણ વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ''સખી'' વન સ્ટોપ સેન્ટર, વલસાડના કાઉન્સેલર સ્નેહાલીબેન પટેલ દ્વારા સેન્ટરની કામગીરી અને મહિલાઓને ઉપલબ્ધ સેવાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. તેમજ પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર, વાપીના કાઉન્સેલર નેહાબેન પટેલ દ્વારા પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટરની કામગીરી અંગે માહિતી આપવામાં આવી હતી.

સેમિનારનો મુખ્ય હેતુ મહિલાઓના તેમના કાનૂની અધિકારો અંગે માહિતગાર કરી મહિલા સુરક્ષા, સશક્તિકરણ અને ન્યાય સુધીની પહોંચને પ્રોત્સાહન આપવાનો હતો.

આ કાર્યક્રમમાં SHE TEAM પોલીસ-વલસાડ, કોલેજના આચાર્યશ્રી, શિક્ષકગણ, ડી.એચ.ઈ.ડબ્લ્યુ. કર્મચારી તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિતોને વિવિધ સરકારી યોજનાઓ સંબંધિત પેમ્પલેટ અને માહિતી ફોલ્ડરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઉમરગામના એકલેરા ગામમાં પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૨**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના જંબુરી ક્લસ્ટરના એકલેરા ગામમાં તા.૨૮ જુલાઈના રોજ પ્રાકૃતિક કૃષિ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન હેમલતાબેન પટેલ અને કૃષિ સખી પુષ્પાબેન ધોડીએ પ્રાકૃતિક ખેતી વિશે ખેડૂતોને માહિતગાર કર્યા હતા.

પ્રાકૃતિક કૃષિ તજજ્ઞાએ ખેડૂતોને જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતીએ કુદરતી રીતે ખેતી કરવાની એક પારંપરિક અને પર્યાવરણપ્રેમી પદ્ધતિ છે, જેમાં રાસાયણિક ખાતરો કે ઝેરી જંતુનાશકોના ઉપયોગ વગર, દેશી ગાયના ગૌમૂત્ર, છાણ, જીવામૃત અને બીજામૃત જેવા કુદરતી સ્રોતોથી પાક ઉગાડવામાં આવે છે. આ ખેતી જમીનની ઊર્વરકતા, પાણીની ઘટતી ઉપલબ્ધિ, જીવવિવિધતા અને ખેડૂતાના આરોગ્યનું સંરક્ષણ કરતી હોય છે, સાથે જ ખર્ચ ઓછો કરીને ઉપજની ગુણવત્તા અને નફો બંનેમાં વધારો કરે છે, જે ખેતીને આત્મનિર્ભર, સસ્તી, સુસ્થિર અને પર્યાવરણમૈત્રી બનાવે છે, એટલે કે, પ્રાકૃતિક ખેતી માત્ર ખેતીની પદ્ધતિ નહિ, પણ માનવી અને પ્રકૃતિ વચ્ચેનું સહઅસ્તિત્વ જાળવતી જીવંત જીવનશૈલી છે. ખેડૂતોએ પણ પ્રાકૃતિક ખેતીને લગતા કેટલાક મહત્વના પ્રશ્નો તજજ્ઞાને પૂછી સંતોષ મેળવ્યો હતો.

# શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા સમાજના ૭૨ પૂરગ્રસ્ત પરિવારાને આશરે બે લાખની સહાય ચૂકવાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૨**

સમગ્ર રાજ્ય સહિત વલસાડ તાલુકામાં તારીખ ૨૨ અને ૨૩ જુલાઈ, ૨૦૨૬ના રોજ અતિશય વરસાદને લઈ આવેલ વિનાશક પૂરમાં વલસાડ તાલુકાના હરિયા, વાડી વલસાડ પારડી, વલસાડ પારડી, હનુમાન ભાગડા, મોરા ભાગડા, લીલાપોર તેમજ વલસાડ શહેરમાં રહેતા અનેક માહ્યાવંશી પરિવારો આ વિનાશક પૂરમાં અસરગ્રસ્ત પામ્યા હતા.

વલસાડ તાલુકામાં સેવાયજ્ઞ ચલાવતા શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા આવા પૂર અસરગ્રસ્ત સમાજના લોકોના પડખે આવી આવા ૭૨ જેટલા પરિવારાને રૂબરૂ મળી રોકડ આર્થિક સહાય કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું હતું.

વલસાડ તાલુકાના હરિયા ગામના ૧૬ પરિવારને ૪૩૦૦૦ રૂપિયા, વાડી વલસાડ પારડીના ૧૧ પરિવારોને ૨૪,૯૦૦, વલસાડ પારડીના ૧૩ પરિવારોને ૩૫૨૦૦, હનુમાન ભાગડા ૧૮ પરિવારાને ૪૫૨૦૦ રૂા, લીલાપોરમાં ૯ પરિવારોને ૨૧૪૦૦ રૂા, મોરાભાગડામાં ૪ પરિવારાને ૮૧૦૦ રૂા અને વલસાડ શહેરમાં રૂા. ૨૦૦૦ મળી કુલ ૭૨ પરિવારોને કુલ ૧,૭૯,૮૦૦ની રોકડ સહાય આપ સૌના વતી સંસ્થાના કાર્યકરો દ્વારા પ્રત્યક્ષ મુલાકાત લઈ પરિવાર દીઠ રૂા.૨૦૦૦/-થી રૂા.૫૦૦૦ની સહાય આપવામાં આવી હતી.

આ અગાઉ કરેલ ટૂંકાગાળાની અપીલને લઈ સમાજના અનેક દાનવીરો જેમાં (૧) નિમેષભાઈ હિંમતલાલ કલવાડીયા (કલવાડા) રૂા.૧,૦૦,૧૫૧/- (૨) શ્રી એમ.એસ.મિત્ર મંડળ વસઈ રૂા.૧૫,૫૫૧/- (૩) એક શુભેચ્છક (કલવાડા)રૂા. ૧૧, ૦૦૦/- (૪) નટવરભાઈ, પ્રાઈમ એન્જીનીર (વાપી) રૂા. ૧૧,૦૦૦/- (૫) સ્વ.ઉમંગભાઈ દયારામભાઈ મિસ્ત્રી (મોરાભાગડા) રૂા. ૧૦,૦૦૦/- (૬) ડો.સ્મૃતિબેન રાજનીકાંતભાઈ પટેલ (મગોદ) રૂા.૫૦૦૧/- (૭) વિનોદભાઈ રવજીભાઈ પટેલ (શંકરતળાવ) રૂા. ૫૦૦૧/- (૮) અનુપભાઈ મોહનલાલ મેહવાલા (મેહ) રૂા.૫૦૦૧/-(૯) શ્રી તાપી જિલ્લા માહ્યાવંશી સમાજ, તાપી રૂા.૫૦૦૦/- (૧૦) એક શુભેચ્છક (મુંબઈ) રૂા. ૫૦૦૦/- (૧૧) એક શુભેચ્છક (નવસારી) રૂા. ૫૦૦૦/- (૧૨) આનંદભાઈ છીબાભાઈ સુરતી (જોરાવાસણ) રૂા. ૫૦૦૦/-(૧૩) સારિકાબેન રાજેન્દ્રભાઈ દળવી (દહિસર) રૂા.૫૦૦૦/- (૧૪) બિપીનચંદ્ર ગુલાબભાઈ સુરતી (ચણવઈ) રૂા. ૫૦૦૦/- (૧૫) શૈલેષભાઈ ગીરધરલાલ ઉટેકર (ઉંટડી) રૂા. ૫૦૦૦/- (૧૬) કાંતિભાઈ મોરારભાઈ ભાગડીયા (મોરાભાગડા) રૂા. ૫૦૦૦/- (૧૭) એક શુભેચ્છક બહેન (મુંબઈ) રૂા.૩૦૦૧/- (૧૮) મનીષભાઈ સંપતભાઈ સુરતી (ચણવઈ ) રૂા.૨૫૦૦/- (૧૯) નિકુંજભાઈ જયંતીભાઈ મગોદીયા (મગોદ) રૂા.૨૫૦૦/-(૨૦) મેહુલભાઈ દીપકભાઈ પાંચિયાવાલા (ચણવઈ) રૂા. ૨૫૦૦/- (૨૧) નયનભાઈ રમણલાલ લીલાકર (લીલાપોર) રૂા.૨૧૦૦/- (૨૨) ધર્મેશભાઈ રતિલાલ બારોટ (ફણસવાડા) રૂા.૨૦૦૧/- (૨૩) મનીષભાઈ મકનભાઈ મિસ્ત્રી (ઘેજ/વલસાડ) રૂા.૨૦૦૧/- (૨૪) જયદીપભાઈ લલ્લુભાઈ પટેલ (સેગવા) રૂા.૨૦૦૧/- (૨૫) એક શુભેચ્છક (વલસાડ પારડી) ૨૦૦૧/- (૨૬) એક શુભેચ્છક (મુંબઈ) રૂા. ૨૦૦૧/- (૨૭) અમ્રતભાઈ નાગરભાઈ રાઠોડ (વાંઝણા) રૂા. ૨૦૦૦/- (૨૮) બાબુભાઈ ગનુભાઈ માહ્યાવંશી (સેગવા) રૂા. ૨૦૦૦/- (૨૯) પાર્થભાઈ કિશોરભાઈ વર્મા (વાઘરેચ) રૂા. ૧૫૦૧/- (૩૦) સ્વ.પ્રતાપભાઈ ઝીણાભાઈ સુરતી (મોગરાવાડી) રૂા.૨૦૦૦/- (૩૧) કેયુરભાઈ અને કિન્તુભાઈ મેહવાલા (મેહ) રૂા. ૧૧૭૭/- (૩૨) એક શુભેચ્છક (વલસાડ) રૂા. ૧૧૧૧/- (૩૩) સ્વ. હંસાબેન મણિલાલ સુરતીના સ્મરણાર્થે શીલાબેન પટેલ તરફથી (અબ્રામા) રૂા. ૧૧૧૧/- (૩૪) અરુણાબેન રમેશભાઈ વણકર (ગાડરિયા) રૂા. ૧૧૦૧/- (૩૫) પ્રજ્ઞેશભાઈ જયંતીભાઈ ભગત (ભદેલી) રૂ. ૧૧૦૦/- (૩૬) એક શુભેચ્છક (વાપી) રૂા. ૧૧૦૦/- (૩૭) રાજેશભાઈ રતિલાલ રાઠોડ (મંદિર/વલસાડ) રૂા.૧૦૫૧/- (૩૮) મનોજભાઈ શામજીભાઈ કૂવેકર (અટગામ) રૂ. ૧૦૦૧/- (૩૯) હર્ષદાબેન કિરીટભાઈ વણકર (ખોખરા/પારનેરા) રૂા.૧૦૦૧/- (૪૦) અનિલભાઈ રણછોડભાઈ ભવાની (મગોદ) રૂા.૧૦૦૧/- (૪૧) દિનેશભાઈ સામજીભાઈ મિસ્ત્રી (ઘેજ) રૂા. ૧૦૦૧/- (૪૨) માનવી અને યક્ષ હિરેનભાઈ સુરતી (કલવાડા) રૂા.૧૦૦૧/- (૪૩) ગીજેન્દ્રભાઈ ગોપાળજી પીઠાવાલા (પીઠા) રૂા.૧૦૦૧/- (૪૪) ધનસુખભાઈ મોરારભાઈ સુરતી (જોરાવાસણ) રૂા. ૧૦૦૧/- (૪૫) વિમલભાઈ મોહનલાલ મેહવાલા (મેહ) રૂા.૧૦૦૧/- (૪૬) સુરેન્દ્રભાઈ કેશવજી કલ્યાણી (અબ્રામા) રૂા. ૧૦૦૧/-(૪૭) ચેતનાબેન હિતેન્દ્રભાઈ રાઠોડ (ચણવઈ) ૧૦૦૧/-(૪૮) રૂપેશભાઈ મોહનભાઈ રાધારી (મોરાભાગડા) રૂા. ૧૦૦૧/-,(૪૯) સુનિલભાઈ મોહનલાલ મેહવાલા (મેહ) રૂા. ૧૦૦૧/- (૫૦) હિતેશભાઈ મનહરભાઈ સુરતી (અતુલ) રૂા.૧૦૦૦/- (૫૧)નીતિનભાઈ હિમ્મતભાઈ મગોદીયા (મગોદ) રૂા.૧૦૦૦/- (૫૨) તુષારભાઈ બલ્લુભાઈ પટેલ (જોરાવાસણ) રૂ.૧૦૦૦/- (૫૩) અમિતભાઈ રમણલાલ મેહવાલા (મેહ) રૂ.૧૦૦૦/- (૫૪) હેમાબેન શૈલેષભાઈ જાખીયા (વલસાડ)' રૂ.૧૦૦૦/- (૫૫) મિતેશભાઈ રમણલાલ મેહવાલા (મેહ) રૂા.૧૦૦૦/- (૫૬) મણિલાલ પુરુષોત્તમ ધનોરીયા (ધનોરી) રૂા.૧૦૦૦/- (૫૭)અમૃતલાલ એલ. રાઠોડ (અરસાણ, નવસારી) રૂા.૧૦૦૦/-(૫૮) નરેશભાઈ બાલુભાઈ બારોટ (દેવસર/મીરારોડ)' રૂ. ૧૦૦૦/- (૫૯) અશોકભાઈ છગનભાઈ પટેલ (કલવાડા) રૂા.૧૦૦૦/-(૬૦) ભરતભાઈ સુખાભાઈ પટેલ (કાંજાણરણછોડ) રૂ. ૧૦૦૦/- (૬૧) એક શુભેચ્છક (વસઈ) રૂા. ૧૦૦૦/- (૬૨) નિલેશભાઈ હરીશભાઈ બારોટ (કલવાડા) રૂા. ૧૦૦૦/- (૬૩) વિપુલભાઈ હિંમતલાલ મગોદીયા (મગોદ) રૂા.૧૦૦૦/- (૬૪) પ્રકાશભાઈ ખંડુભાઈ વણકર (વાંકલ) રૂા.૧૦૦૦/-(૬૫) સ્વ.જસુમતીબેન નરોત્તમભાઈ રાઠોડ (કલવાડા) રૂા.૧૦૦૦/- (૬૬) એક શુભેચ્છક (વલસાડ) રૂ. ૧૦૦૦/- (૬૭) હર્ષદભાઈ કંચનભાઈ આર્ય (પીઠા) રૂ. ૧૦૦૦/-(૬૮) નીતિનભાઈ અમ્રતભાઈ પટેલ (સેગવા) રૂા.૭૫૫/- (૬૯) જીતેશભાઈ દોલતભાઈ પટેલ (ચીખલા) રૂા.૫૦૧/- (૭૦) વાત્સલ્ય ભજન મંડળ, વલસાડ રૂા. ૫૦૧/- (૭૧) મનહરભાઈ દલપતભાઈ મગોદીયા (મગોદ)૫૦૦/- (૭૨) જીતેન્દ્રભાઈ પ્રતાપભાઈ પટેલ (અબ્રામા) રૂા.૫૦૦/-(૭૩) જયરામભાઈ અર્જુનભાઈ દમણીયા (રીંગણવાડા) રૂા.૫૦૦/- (૭૪) એક શુભેચ્છક (મુલુન્ડ) રૂા.૫૦૦/- (૭૫) તેજસભાઈ દિનેશભાઈ રાઠોડ (સેગવા) રૂા.૫૦૦/-(૭૬) ડો.હર્ષિતભાઈ પટેલ (વલસાડ) રૂા.૫૦૦/- (૭૭) વિનોદભાઈ જયંતીભાઈ પટેલ (રોણવેલ) રૂા.૫૦૦/-(૭૮) બિપીનભાઈ સામજીભાઈ કલવાડીયા (કલવાડા) રૂા.૫૦૦/- (૭૯) નીતિનભાઈ રમણલાલ મગોદીયા (મગોદ) રૂા.૫૦૦/- (૮૦) રજનીકાંત રમણલાલ મેહવાલા (મેહ) રૂા.૫૦૦/-(૮૧) તેજસભાઈ પટેલ (વૈદ્ય હોસ્પિટલ, ડુંગરી) રૂા. ૨૦૧ જેવા વિશાળ સાથે દાન આપી સમાજમાં ઉત્તમ ઉદાહરણ પૂરૂપાડી માનવતા મહેકાવી હતી.

સાથે સાથે આ પૂરમાં અસરગ્રસ્ત થયેલા વિદ્યાર્થીઓને પણ સંપૂર્ણ શૈક્ષણિક કીટ પણ આપવામાં આવી હતી. આ તમામ દાતાઓનો સંસ્થાના પ્રમુખ અનુપભાઈએ દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશમાં સતત પહોળી થઈ રહી છે આર્થિક અસમાનતાની ખાઈ

વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા અને અસ્થિરતા, ઊંચો વ્યાજદર તથા અસમાન આર્થિક વૃદ્ધિ વચ્ચે ભારતમાં કુલ ૫૭૬ કરદાતાએ રૂા. ૧૦૦ કરોડથી વધુની વાર્ષિક આવક જાહેર કરી છે. નાણાં મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં અલ્ટ્રારિચ અથવા હાઈ નેટવર્થ ધરાવતા લોકોના આંકડામાં ૨૦૨૧થી ૩૦૦ ટકા જેટલો કૂદકો જોવા મળ્યો છે. કોરોનાકાળ પછીનાં વર્ષોમાં સુપરરિચ એટલે કે અતિ ધનાઢ્યોની સંખ્યા ક્રમશઃ સાતત્યપૂર્વક વધી રહી છે ૨૦૨૧માં દેશમાં નવ આંકડાની કમાણી જાહેર કરનારાઓની સંખ્યા ૧૪૨ હતી. એક તરફ, દેશમાં આર્થિક અસમાનતાની ખાઈ સતત પહોળી થઈ રહી છે અને બીજી તરફ, અબજોપતિઓની સત્તાવાર સંખ્યા વધી રહી છે. આથી આ બાબતની ઉજવણી કરવી કે ચિંતા કરવી એવી દ્વિધા છે. આને કર એકત્રીકરણની દૃષ્ટિએ જોઈએ, તો દેશમાં ટેક્સ ફાઈલિંગમાં વધારો તથા કર વહીવટમાં પ્રગતિ તથા આ પ્રણાલીમાં પારદર્શિતા જેવા સકારાત્મક પાસાં સામે આવે છે, પણ બીજી તરફ હજી કરોડો લોકો આવકવેરાની મર્યાદાની બહાર છે તથા આર્થિક વિષમતામાં છેલ્લાં અનેક વર્ષોથી કોઈ ફરક પડ્યો નથી. આ વિષમતા વધી ન હોવા છતાં ભારતમાં સંપત્તિની વહેંચણીના આંકડા જોઈએ, તો ચોંકી જવાય. આર્થિક દૃષ્ટિએ ટોચના ૧૦ ટકા લોકો પાસે ૫૮ ટકા સંપત્તિ છે અર્થાત્ બાકીના ૯૦ ટકા લોકો પાસે બધું મળીને ૪૨ ટકા જ બચે છે. ટૂંકમાં, ધનાઢ્ય વધુ સંપન્ન થઈ રહ્યા છે અને ગરીબ જ્યાંનો ત્યાં છે. સંસદમાં અબજોપતિઓ વિશે પુછાયેલા એક સવાલના જવાબમાં રાજ્યકક્ષા નાણાપ્રધાન પંકજ ચૌધરીએ આપેલા જવાબમાં સામે આવ્યું છે કે, દેશમાં સુપરરિચની સંખ્યા વધી રહી છે. સવાલમાં અબજોપતિ શબ્દ હોવા છતાં ચૌધરીએ જવાબમાં બિલિઓનેર એટલે કે અબજોપતિ શબ્દનો ઉપયોગ કરવાનું ટાળ્યું હતું. તેમણે સરકાર વતી સ્પષ્ટતા કરતાં કહ્યું કે, બિલિઓનેર શબ્દની કોઈ વ્યાખ્યા સરકાર પાસે નથી. આથી આવકવેરા રિટર્નના આંકડાના આધારે તેમણે વર્ષે દહાડે રૂા. ૧૦૦ કરોડની આવક રળનારાઓને દેશના સર્વોચ્ચ ઈન્કમ અર્નર ગણાવ્યા હતા. સરકાર કોરોનાકાળથી હજી પણ ૮૨ કરોડ લોકોને નિઃશુલ્ક અનાજ આપે છે. આ ઉપરાંત, પણ અનેક પગલાં લેવાઈ રહ્યાં છે, છતાં આર્થિક અસમાનતા ઓછી થઈ રહી નથી. જો કે, બીજી દૃષ્ટિએ આ ૧૦૦ કરોડની કમાણી કરનારાઓનો વધતો આંકડો આવક, બચત અને ખર્ચમાં પણ વૃદ્ધિ સૂચવે છે અને મૂડીની ઉપલબ્ધિ અર્થતંત્રને અનૌપચારિકથી ઔપચારિક તરફ લઈ જાય છે. આનાથી લાંબા ગાળે સરકારને કલ્યાણકારી યોજનાઓની લક્ષિત પહોંચની દિશામાં કાર્ય કરવાનો માર્ગ ચીંધે છે. ટોચ વિસ્તરે એની સાથે પાયો પણ વિસ્તૃત થાય એ દિશામાં કામ કરવાનો સમય આવી ગયો છે, એ સંકેત પર કામ કરવાનું શરૂ થવું જોઈએ.

## વ્યવસ્થા સામે બે જસ્ટિસે ઉઠાવેલા સવાલ

# લોકોનો અવાજ દબાવવા તમામ કાયદાનો ઉપયોગ થઈ રહ્યો છે

## દિલ્હીમાં સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨:** સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને જજોની પસંદગી, ટ્રાન્સફર વગેરે નિર્ણયો લેતી કોલેજિયમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. જ્યારે દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે દેશની વર્તમાન સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે એક્ટિવિસ્ટ અને અસહમત લોકોનો અવાજ દબાવવા માટે તમામ પ્રકારના કાયદાઓનો ઉપયોગ થઇ રહ્યો છે. જો દેશના યુવાનો કોઇ રાજનેતાનું રાજીનામુ માગે તો તેને લાકડીઓ ખાવી પડી રહી છે એટલુ જ નહીં તેની સાથે કેસ પણ કરી દેવાય છે.

ગોવા હાઈકોર્ટ બાર એસોસિએશનની એક લેક્ચર સીરીઝમાં દિલ્હી હાઈકોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એપી શાહે આ ટિપ્પણી કરી હતી, તેમણે કહ્યું હતું કે બોલવાની સ્વતંત્રતા લોકશાહીના પાયા સાથે જોડાયેલી છે. રાજકીય ચર્ચાથી લોકોને જાણકારી મળે છે, ટિકાઓનો સામનો કરવાનો સૌથી મોટો ઉપાય લોકો સાથે વાતચીત કરવાનો છે. લોકોના સવાલોનો જવાબ આપવાનો છે. પરંતુ લાગી રહ્યું છે કે આપણા દેશના સત્તાધીશો આ વાત ભુલી ગયા છે. દુઃખદ બાબત છે કે આજે એક્ટિવિસ્ટ, અસહમતિ રાખનારા તેમજ રાજકીય કાર્ટૂનિસ્ટોને ચુપ કરાવવા કે પરેશાન કરવા અનેક પ્રકારના કાયદાઓનો ઉપયોગ કરાઇ રહ્યો છે. યુવાનો કોઇ નેતાનું રાજીનામુ માગે તો તેને લાઠીઓ પડી રહી છે. કેસો કરી દેવાય છે.

જ્યારે દિલ્હીમાં એક સંસ્થાની ન્યાયિક પારદર્શિતા ઈન્ડેક્સ રિપોર્ટના લોન્ચિંગ સમયે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ ઉજ્જલ ભુયાને કહ્યું હતું કે જો કોઇ જજની પસંદગી કોઇ પદ માટે કરવામાં ના આવે તો તે નિર્ણય પાછળનું કારણ ના જણાવવું અન્યાય છે. કોલેજિયમ જજોની નિમણુંક, પ્રમોશન, ટ્રાન્સફર વગેરેની ભલામણો કરતી હોય છે. આ તમામ નિર્ણયો પાછળના ચોક્કસ કારણો પણ લોકો માટે જાહેર થવા જોઇએ. લોકોને પોતાના જજો કોણ છે તે જાણવાનો અધિકાર છે, જજો કેવા પ્રકારના ચુકાદા આપે છે તે જાણવાનો તેમને અધિકાર છે. કોર્ટમાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો તેમને અધિકાર છે. આ તમામ માહિતી જાહેર જનતા માટે ઉપલબ્ધ હોવી જોઇએ.

સાવ એવુ પણ નથી કે તમામ નિર્ણયો ગુપ્ત રખાય છે, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ યુયુ લલિત અંગે લેવાયેલા નિર્ણયોની વિગતવાર માહિતી અપાઇ હતી. ક્યારેક એવુ પણ બને છે કે એવા વ્યક્તિ જજ બની જાય છે કે જે બાદમાં લોકોને કીડી સાથે સરખાવવા જેવા ગેરબંધારણીય નિવેદનો આપે છે. નોંધનીય છે કે આ કીડી વાળી ટિપ્પણી હાઇકોર્ટના એક પૂર્વ જજ દ્વારા એક કાર્યક્રમમાં અપાઇ હતી જેમાં તેમણે એક ચોક્કસ ધર્મના લોકોને લઇને નિવેદન આપ્યું હતું જેથી વિવાદ પણ થયો હતો. આ ટિપ્પણીનો ઉલ્લેખ કરીને ન્યાયાધીશ ભુયાને કોલેજિયમ દ્વારા થતી પસંદગી પ્રક્રિયા પર સવાલો ઉઠાવ્યા હતા.

# કેન્દ્ર સરકારની ગુજરાતને રૂપિયા ૫૦૦ કરોડની આગોતરી મદદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે ચોમાસા દરમિયાન પૂરથી પ્રભાવિત રાજ્યોને રાહત અને બચાવ કામગીરી માટે રાજ્ય આપદા પ્રતિસાદ નિધિ (SDRF)ના કેન્દ્રીય હિસ્સામાંથી કુલ રૂા. ૨,૧૧૭.૮૫ કરોડની આગોતરી સહાય મંજૂર કરી છે. આ નિર્ણય હેઠળ ગુજરાતને રૂ. ૫૦૦ કરોડની આગોતરી સહાય આપવામાં આવશે.

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પૂરગ્રસ્ત રાજ્યોને રાહત, બચાવ અને પુનર્વસન માટે જરૂરી તમામ સહાય પૂરી પાડવાની પ્રતિબદ્ધતા છે. કેન્દ્ર સરકાર સમગ્ર ચોમાસા દરમિયાન રાજ્યો સાથે સતત સંપર્કમાં રહી સ્થિતિ પર નજર રાખી રહી છે.

ગુજરાત સહિત પૂરથી અસરગ્રસ્ત રાજ્યોમાં જરૂરિયાત મુજબ નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (NDRF)ની ટીમોની પૂર્વ તૈનાતી કરવામાં આવી છે. સાથે જ સંરક્ષણ મંત્રાલય દ્વારા લોજિસ્ટિક્સ સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેથી રાહત અને બચાવ કામગીરી ઝડપથી થઈ શકે.

કેન્દ્ર સરકારે જણાવ્યું કે ગુજરાતને SDRFની પ્રથમ હપ્તાની આગોતરી રકમ તરીકે રૂા. ૫૦૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ માટે લાગુ માર્ગદર્શિકાઓ હેઠળ જરૂરી દસ્તાવેજી પ્રક્રિયામાં પણ છૂટ આપવામાં આવી છે, જેથી સહાય ઝડપથી રાજ્ય સુધી પહોંચી શકે.

આ પેકેજ હેઠળ અરુણાચલ પ્રદેશને રૂા. ૪૪.૫૫ કરોડ, આસામને રૂા. ૩૭૯.૩૫ કરોડ, ગુજરાતને રૂા. ૫૦૦ કરોડ, મહારાષ્ટ્રને રૂા. ૫૦૦ કરોડ, હિમાચલ પ્રદેશને રૂા. ૧૯૩.૯૫ કરોડ અને ઓડિશાને રૂા. ૫૦૦ કરોડની સહાય આપવામાં આવશે.

કુલ મળીને પૂર પ્રભાવિત રાજ્યોને રાહત, બચાવ અને તાત્કાલિક પ્રતિસાદ કામગીરી માટે રૂા. ૨,૧૧૭.૮૫ કરોડની કેન્દ્રીય સહાય ઉપલબ્ધ કરાવવામાં આવશે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે ચોમાસા દરમિયાન પૂર જેવી પરિસ્થિતિમાં રાજ્યોને જરૂરી તમામ સહયોગ અને આર્થિક સહાય સમયસર મળી રહે તે માટે સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે.

# કરોડો લોકોને જીવનવિકાસ કરીને પ્રભુને ગમતાં થવા માટેનું વૈચારિક અન્ન આપનાર પૂ.દાદાજીના કાર્યમાં મહાસરસ્વતી, મહાલક્ષ્મી, અને મહાકાળી રૂપ બની રહીને કાર્યમાં ઓગળી જનાર એટલે પૂ. તાઈજી

**મહાસરસ્વતી રૂપ એટલે તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય માટે કોઈ પોપટ પંડિત અધ્યાપકોની તૈયારી ન હતી ત્યારે વિદ્યાર્થીઓને ભણાવવાની તૈયારી બતાવનાર પૂ.તાઈની નિષ્ઠા અને તત્પરતા નમસ્કાર કરવા જેવા છે!!**

## વૈશ્વિક પરિવારના વાત્સલ્યમૂર્તિ પૂ. તાઈજી

**- બાલકૃષ્ણ મહેતા (વડોદરા)**

આપણાં હૃદયમાં અનોખો આદર અને પ્રસન્નતા જગાડે તેવો ઈશ્વરનો એ કેવો અદ્‌ભૂત સંકેત અને સંયોગ જ ગણાય કે એક સરખા પવિત્ર હેતુથી એક પવિત્ર સંસ્થા અને પરમ પવિત્ર વિભૂતિ આ સૃષ્ટિમાં આપણને શિક્ષણ અને પ્રેરણા આપવા એક જ વર્ષમાં એકમેકની નજીકના સમયગાળામાં જ સૃષ્ટિને પાવન કરવા આવે છે.

પ્રાતઃ સ્મરણીય પૂ. નિર્મલા તાઈજીનો જન્મ ત્રીજી ઓગસ્ટ ૧૯૨૬માં થયો અને તેજ વર્ષમાં વિશ્વનું શ્રેષ્ઠત્તમ તીર્થક્ષેત્ર સમી શ્રીમદ્ ભગવદ્ ગીતા પાઠશાળાની સ્થાપના ઈ.સ.૧૯૨૬માં જ દશેરાના પવિત્ર દિવસે થઈ. ભોગવાદ અને ભ્રાંત ઈશ્વરવાદ ઉપર એટલેકે રાવણ ઉપર વિજય પ્રાપ્ત કરવા રામે પણ વિજયાદશમીના દિવસે જ પ્રસ્થાન કર્યું હતું. એક સાથે એકસમયે બનતી કેટલીક મંગલ ઘટનાઓ આપણને અનેક સંદેશાઓ આપી દે છે. સંસ્કૃતિ અને માનવતાના વિચારોના પુનરુત્થાન માટે જેમણે છેક બાળપણથી જ દૃઢ સંકલ્પ કર્યો હતો તેવા પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલે પૂ.દાદાની સાથે લગ્ન થયા બાદ માત્ર અઢાર વર્ષની ઉંમરના પૂ.તાઈએ સંપૂર્ણપણે એ આદર્શો અને સંકલ્પો એટલી બધી તીવ્રતાથી આત્મસાત કરી દીધા કે સ્વાધ્યાય કાર્યની પ્રેરક અને પવિત્ર શક્તિ બની રહ્યા. જીવનની પ્રત્યેક ક્ષણ પૂ.દાદાના કાર્યમાં સહભાગી રહ્યા. એટલું જ નહીં ભવિષ્યની યુવા પેઢીને પૂ.દાદાના જ વિચારોનું સાતત્ય, પ્રેમ, પ્રેરણા અને આયોજન મળી રહે તેની દીર્ઘ દૃષ્ટિથી ચિંતા કરીને પોતાના જ સાનિધ્યમાં એવી અદ્‌ભૂત શક્તિનું જતન કર્યું, તેમણે તે મહાશક્તિનું એવી સુંદર રીતે ઉછેર કર્યો કે આજે ‘‘તે શક્તિ એટલે કે પ્રાતઃ સ્મરણીય પૂ.દીદીજી નવનિર્માણ પામેલા સમગ્ર વિશ્વના યૌવન ધનને પ્રભુકાર્ય માટે પ્રેરણા અને પ્રેમની સાથે વિચાર દૃષ્ટિ અને હૂંફ આપતા રહ્યા છે,’’ એટલું જ નહીં પોતાના પિતાએ નવનિર્માણ પામેલા કાર્યાલય નિર્મલ નિકેતનમાં ઈ. સ. ૧૯૯૨માં આપેલા આશીર્વાદ કે વિચારો લઈ વિશ્વભરમાં ઘુમજે Be international એ આશીષ તેમણે ક્યારનીય સાર્થક કરી લીધી છે. ભાગ્યશાળી છે એ બુધ્ધિનિષ્ઠ યુવાધન કે જેઓએ પૂ.દીદીજી પાસેથી ડીવીનીટી અને ડાયનેમીઝમ (દિવ્ય પ્રેરણા અને આક્રમક પ્રકારની નિર્ધાર શક્તિ) મેળવીને અનેક પ્રકારના ધ્યેય હાંસલ કરીને જીવન વિકાસ કરતાં રહ્યાં છે. અને અક્ષરશઃ બન્યું છે એવું જ બુદ્ધિ નિષ્ઠ એવો માત્ર યુવાવર્ગ જ નહીં પણ સમસ્ત વિશ્વનો સ્વાધ્યાય પરિવાર પૂ.દીદીજીનો એટલો બધો કૃતજ્ઞી છે કે જીવનનું એવું એક ક્ષેત્ર પણ બાકી નથી કે જેમાં પૂ.દીદીજીનું સુંદર માર્ગદર્શન, હૂંફ, પ્રેરણા કે આયોજન મળતું ન હોય પછી તે જીવનવિકાસ માટેની કૃતિમાં કેવી રીતે આગળ વધવું તે વાત હોય કે પૂ. દાદાના વિચારોને લક્ષમાં રાખીને પોતાની કૃતિશીલતા કેવી રીતે વધારવી? વાસ્તવમાં પૂ.દાદાના વિચારો અને સંકલ્પનાઓનું પ્રયોગીકરણ અને દૃઢીકરણ સતત કરતાં રહેલા પૂ.દીદીજી પ્રત્યે પરિવાર જેમ કૃતજ્ઞી છે તેમ પૂ.દીદીજીનું સતત માર્ગદર્શન મળે છે તેની પાછળ પૂ.તાઈનો પરિવાર પ્રેમ પણ તેટલો જ કારણ ભૂત છે. પૂ.તાઈજીના ગંગાના જલ સમા પવિત્ર જીવન વિષે વિચાર કરવાનું આવા નાનકડા લેખમાં શક્ય જ નથી. તેમના જીવન આલેખન માટે ગ્રંથરાજ રચવો પડે. કરોડો લોકોને જીવનવિકાસ કરીને પ્રભુને ગમતાં થવા માટેનું વૈચારિક અન્ન આપનાર પૂ.દાદાજીના કાર્યમાં મહાસરસ્વતી, મહાલક્ષ્મી, અને મહાકાળી રૂપ બની રહીને કાર્યમાં ઓગળી જનાર એટલે પૂ. તાઈજી લાખો કૃતિશીલ બહેનો માટે પૂ. તાઈ પ્રેરણામૂર્તિ બની રહ્યા છે.



સ્વાધ્યાય પરિવારની કૃતિશીલ મહિલાઓને ખ્યાલ છે કે અડગ ધૈર્ય, ચુસ્ત સિધ્ધાંત પાલન, વ્યવહાર કુશળતા, ઉચ્ચત્તમ બુધ્ધિમત્તા, દક્ષતા, પ્રત્યુત્તપન્ન spontaneous મતિ આ અને આવા અનેક ઉચ્ચ જીવનમૂલ્યો એટલે પૂ. તાઈજી.

મહાસરસ્વતી રૂપ એટલે તત્વજ્ઞાન વિદ્યાપીઠમાં અધ્યાપન કાર્ય માટે કોઈ પોપટ પંડિત અધ્યાપકોની તૈયારી ન હતી ત્યારે વિદ્યાર્થીઓને ભણાવવાની તૈયારી બતાવનાર પૂ.તાઈની નિષ્ઠા અને તત્પરતા નમસ્કાર કરવા જેવા છે!! માત્ર અઢાર વર્ષની વયે પૂ.દાદાના કાર્યની દિવ્યતા અને મહત્તા સમજી ચૂકેલા પૂ.તાઈજી જરૂર પડ્યે બોલતાં... સંબોધન કરતાં, પણ તેવા બહુ ઓછાં પ્રસંગોની આપણને જાણ છે. આવો... તેવા દિવ્ય અને ઊંડી વિચાર દૃષ્ટિવાળા તેમના કેટલાક પ્રવચનોના અંશ યાદ કરીએ. અને આ કાર્ય અને કાર્યકર માટેના પ્રેમ અને ભાવની અનુભૂતિ કરીએ.

‘‘શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યની કલ્પનાના કુંભમેળો કહી શકાય તેવી અખિલ ભારતના કૃતિશીલોની તા.૨૩-૨૪-૨૫ ફેબ્રુઆરી ઈ.સ.૧૯૬૯ દરમ્યાન મળેલી ભક્તિસભા તત્વજ્ઞાન વિદ્યાપીઠના પ્રાંગણમાં પૂ. તાઈએ કહ્યું તમારી નિષ્ઠાને ધન્યવાદ.... આદર્શ ગામ તૈયાર કરવા માટે ખૂબ ધીરજ રાખવી પડશે. ઉત્સાહના ઉભરામાં આવી જઈને તમે તૈયાર થતાં નહીં. જે કરો તે ખૂબ નિષ્ઠાથી કરજો. આટલા બધા કાર્યકરો અલગ - અલગ ગામોમાંથી આવ્યા છો તે જોઈ મને ખુબ આનંદ થયો છે. તમે કામ કરવામાં યશસ્વી થાઓ. પ્રભુના તમને આશીર્વાદ મળે...’’

ઈ.સ.૧૯૭૬માં પાઠશાળાની સુવર્ણ જયંતીની ઉજવણી માટે યોજાયેલો ભાવમિલન સમારોહમાં પણ પૂ.તાઈજીએ એકત્ર થયેલી મહિલાઓને સુંદર પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. આ દિવસે પૂ. દીદીજીએ માત્ર ઓગણીસ વર્ષની ઉંમરે અતિશય પ્રેરક એવું સ્વાગત પ્રવચન કર્યું હતું તેની પાછળ પૂ.તાઈજીનો જ આગ્રહ અને પ્રેરણા હતાં કે પ્રભુ કાર્ય માટે તૈયાર થયેલી અને ઉત્સુક પુત્રી પરિવારજનોનું સ્વાગત કરે.....

વિશ્વના ઈતિહાસમાં કદી ન બની હોય એવી ઘટના બની. તા. ૪-૨-૧૯૮૩ ના રોજ નાસિક પાસે નિરક્ષર (અભણ) બહેનોએ અન્ય અભણ બહેનોને ત્રિકાલસંધ્યાના શ્લોક મુખપાઠ કરાવ્યા. આની પાછળ પૂ.દીદીજીની અંગત રીતે કઠોર તપશ્ચર્યા હતી. આવી હજાર બેહજાર નહીં ત્રીસ હજાર બહેનો, કોઈ નિર્જન જગાએ વયસ્થ સંચલનના રૂપે પૂ.દાદા - તાઈને નમસ્કાર કરવા માટે બહેનો તા. ૪-૨-૧૯૮૩ના રોજ એકત્ર થયા. ત્યારે પૂ. તાઈએ આશીર્વચન આપતાં કહેલું કે મે જ્યારે સૌ પ્રથમ વાત સાંભળી કે મહારાષ્ટ્રમાં મહિલા સંચલન થવાનો સંકલ્પ થયો છે, ત્યારે મને નવાઈ લાગી કે બહેનો ઘર સંભાળે, છોકરાં સંભાળે કે પછી સંચલન કરે!! પણ ત્યાં વળી વિચાર આવ્યો કે ‘અશક્ય’ ગણાતી એવી બદ્રીનાથના ગામડાઓની ભક્તિફેરી કરીને આપણે જો યજ્ઞ કરી શકીએ તો શું મહિલા સંચલન પણ ન કરી શકીએ ? જરૂર કરી શકીએ.... આજે તમને... મારી મહાન કૃતિશીલ ભગિનીઓને જોઈને મારું દિલભરાઈ આવે છે તેથી વિશેષ શું બોલું?? મારા માટે બોલવું મુશ્કેલ છે.

પૂ.તાઈને જ્યારે ૬૦ વર્ષ પૂરા થાય ત્યારે પાઠશાળામાં ૮-૨-૧૯૮૭ ના રોજ પૂ.તાઈને નમસ્કાર કરવા માટે બહેનો એકત્ર થયા ત્યારે સદૈવ નમ્ર અને સૌજન્યશીલ પૂ.તાઈએ કહ્યું: પાઠશાળાને કૃતજ્ઞભાવે હું નમસ્કાર કરું છું. આ પાઠશાળાએ જ બહેનોને ધાર્મિક ક્ષેત્રે કામ કરવાની પ્રેરણા અને અધિકાર આપ્યા છે. પાઠશાળાએ ‘‘પ્રભુ સર્વત્ર છે.’’ એ સૂત્રનું સામાજીકરણ કરીને માનવને ઉભો કર્યો છે. પાઠશાળા મારા બીજા પ્રાણ છે. પ્રાણ વિના જીવી ન શકાય તેમ પાઠશાળા વિના જીવી ન જ શકું. પાઠશાળાના સ્થાપકને મારા પ્રણામ.

તા.૨૧-૧-૧૯૮૯માં નાસિક પરિવાર સ્ટોરની મુલાકાત વખતે બહેનો સાથે વાતો કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

મનુષ્ય ગૌરવ નિમિત્તે ભક્તિફેરી કરીને આવેલા કૃતિશીલો સમક્ષ ઉમરગામમાં પૂ.તાઈજીનું પ્રવચન તા.૧૯-૧૦-૧૯૯૨ ના રોજ

પૂ.તાઈજીઃ મારું મન ઘણું બોલવા માટે કહે છે, પણ મારે વિશેષ કાંઈ બોલવું નથી, પણ આજે મને જે આનંદ થાય છે તે અંગે કહેવું છે. અહીં આગળ જન સાગર મારી સામે છે અને પાછળ જલ સાગર છે. અહીં વિદ્વાનો, ડોકટરો, વૃદ્ધો પણ છે, બાળકો છે, રાજકારણીઓ પણ છે.... આ બધા રત્નો છે, આના કરતાં વિશેષ વળી ક્યા રત્નો દરિયામાં હશે? આ કૃતિશીલો જ રત્નો છે, તે લોકો ભક્તિફેરી કરીને આવ્યા છે. ત્યાં ભક્તિફેરીમાં તમને કેટલી અગવડો પડી હશે? કોઈ આપણી વાત સાંભળે કે ન સાંભળે પણ તમે કામ કરી આવ્યા! આના માટે હું કૃતજ્ઞી છું. તમારા કામની કોઈ જાહેરાત નથી કે દૂરદર્શનમાં બતાવવાનું નથી. તમે આઠ આઠ દિવસ ભક્તિફેરી કરીને આવ્યા છો. તમે આ કામને પોતાનું ગણ્યું છે. આ કામને માત્ર દાદાનું કામ નહીં તમારું કામ ગણીને કર્યું છે. મને શબ્દો મળતા નથી કે ક્યા શબ્દોમાં આ બધું કહું? દાદાએ તમને પ્રેમના રજ્જુથી બાંધ્યા છે. જ્યારે આ કામ શરૂ થયું ત્યારે આંગળીના વેઢે ગણી શકાય એટલા જ માણસો હતા. જ્યારે આજે તમે કેટલા બધા લોકો કામ કરો છો!! શરૂઆતમાં દાદા જ્યારે એકલા કામ કરતાં ત્યારે તો હું ઉંમરમાં નાની હતી, ત્યારે મને કલ્પના પણ ન હતી કે કામ આટલું વિશાળ બનશે. તેમને (દાદાને) કેટલો બધો આનંદ થતો હશે ? મને પણ આનંદ થાય છે તમે બધા સમાજનું નવ નિર્માણ સમાજની દિવાળી કરવા કટિબધ્ધ થયા છો. ઘણી બધી રીતે તમે કાર્યમાં જોડાયા છો. તન... મન... ધન... થી આ તપશ્ચર્યાનું ફળ આગલી પેઢીને મળવાનું છે. ‘‘પૂ.તાઈજીના પ્રત્યેક શબ્દમાં અર્થ અને ભાવનું કેટલું બધું ઊંડાણ છે!!’’

પ્રભુ! અમને આ કાર્યને અને તેની ચૈતન્યશક્તિ પૂ. દીદીજીને સમજવાની મતિ અને નિષ્ઠાપૂર્વક દોડવાની ગતિ આપ.

# સિદ્ધિવિનાયક મંદિરમાંથી દર વર્ષે ૧૮ કરોડની દાન ચોરીઃ રાજ ઠાકરેના દાવવાથી મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ

**નિરાશ થયેલા યુવાનો મંદિરો તરફ વળે છે, પરંતુ આ મંદિરો પણ ભ્રષ્ટાચારથી મુક્ત રહ્યા નથી : રાજ ઠાકરે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૨**

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS)ના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ ઠાકરેએ એક બોલ્ડ દાવો કરીને મહારાષ્ટ્રમાં રાજકીય ગરમી વધારી દીધી છે. તેમણે દાવો કર્યો છે કે મુંબઈના પ્રખ્યાત સિદ્ધિવિનાયક મંદિરમાંથી વાર્ષિક રૂ.૧૮ કરોડની ચોરી થાય છે. એક કાર્યક્રમને સંબોધતા ઠાકરેએ કહ્યું કે આજકાલ મંદિરો પણ સુરક્ષિત નથી. ખરેખર, MNS અધ્યક્ષ પક્ષના વિદ્યાર્થી એકમના એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા અને આ દરમિયાન તેમણે અન્ય એક મોટો દાવો કરતા કહ્યું કે, અયોધ્યાના રામ મંદિરમાં ૧૪૦૦ કરોડ રૂપિયાની ચોરી થઈ છે. ઠાકરેએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ મુદ્દા પર ચોક્કસપણે બોલવું જોઈએ.

વિદ્યાર્થી એકમને સંબોધતા રાજ ઠાકરેએ કહ્યું કે અયોધ્યા રામ મંદિરમાં ચોરીના મુદ્દે પીએમ મોદીએ નિવેદન આપવું જોઈએ. તેમણે એવું પણ કહ્યું કે, નિરાશ થયેલા યુવાનો મંદિરો તરફ વળે છે, પરંતુ આ મંદિરો પણ ભ્રષ્ટાચારથી મુક્ત રહ્યા નથી.

આ સાથે જ તેમણે મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ




એકનાથ શિંદેને સિદ્ધિવિનાયક મંદિરના ૮ ટ્રસ્ટીઓ દ્વારા લખવામાં આવેલા એક પત્રનો હવાલો આપતા કહ્યું કે, મંદિરની દાનપેટીમાંથી પૈસા ચોરનારા કેટલાક કર્મચારીઓને ટ્રસ્ટીઓની સતર્કતાના કારણે પકડી પાડવામાં આવ્યા છે. રાજ ઠાકરેનું કહેવું છે કે, સિદ્ધિવિનાયક મંદિરમાં આ ચોરી પકડાઈ તે પહેલાં અહીંથી મળતી સાપ્તાહિક દાનની આવક આશરે ૫૦ લાખ રૂપિયા કરતાં પણ ઓછી હતી. પરંતુ ચોરીની જાણ થયા પછી આ દાનની રકમ વધીને ૧.૫ કરોડ રૂપિયા થઈ ગઈ. રાજ ઠાકરેનો દાવો છે કે દર વર્ષે મંદિરમાંથી ૧૮ કરોડ રૂપિયાની ચોરી થાય છે.

બીજી તરફ, સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ અને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાના નેતા સદા સરવંકરે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે, આ મામલે ૯ કર્મચારીઓની પહેલાથી જ ધરપકડ કરી લેવામાં આવી છે. તેમણે દાવો કર્યો કે જ્યાં પણ જરૂર હતી ત્યાં કેસ પણ નોંધવામાં આવ્યા છે. વધુમાં, સરવંકરનું કહેવું છે કે મંદિરમાં દાનમાં થયેલો વધારો ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલા પ્રયાસોને કારણે થયો છે.

નોંધનીય છે કે, છેલ્લા



કેટલાક દિવસોથી મંદિરોમાં દાન ચોરીના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. મંદિરોમાં થતી આ કથિત દાન ચોરીને મુદ્દો બનાવીને વિપક્ષ સરકારને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યો છે. આપને જણાવી દઈએ કે સિદ્ધિવિનાયક મંદિર પહેલા અયોધ્યા સ્થિત રામ મંદિરમાં પણ દાન ચોરીનો મામલો સામે આવ્યો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ SITની રચના કરવામાં આવી છે, જે હાલ આ મામલાની તપાસ કરી રહી છે.

## સ્પોર્ટ્સ ન્યુઝ

પ્રીતિ બાદ જાસ્મીન લંબોરિયાએ જીત્યો ગોલ્ડ

# ભારતની દીકરીઓએ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં મચાવી ધૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૦૨ :** ભારતીય બોક્સર પ્રીતિ પવારે ગ્લાસગો સ્કોટલેન્ડમાં આયોજિત ૨૦૨૬ કોમનવેલ્થ ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કરતાં ભારતને છઠ્ઠો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. મહિલાઓની ૫૪ કિગ્રા બોક્સિંગ કેટેગરીની ફાઈનલમાં ભારતની પ્રીતિ પવારનો સામનો કેનેડાની સ્કારલેટ ડેલગાડો સામે થયો. પ્રીતિ શરૂઆતથી જ આક્રમક દેખાતી હતી.

ડેલગાડો સામેના બીજા રાઉન્ડમાં પાંચેય જજોએ પ્રીતિના પક્ષમાં ૧૦-૯નો સ્કોર કર્યો, જેનાથી તેને ૨૦-૧૮ની લીડ મળી. ડેલગાડોને બીજા રાઉન્ડમાં પણ પછાડનો સામનો કરવો પડ્યો, જેના કારણે અંતિમ રાઉન્ડ પહેલા મેચ પ્રીતિના નિયંત્રણમાં આવી ગઈ. પ્રીતિને ત્રણેય રાઉન્ડમાં ૧૦ પોઈન્ટ આપવામાં આવ્યા, જેનાથી તેણીએ ૫-૦થી વિજય મેળવ્યો.

પ્રીતિની સફળતાની સફર સંઘર્ષમય રહી છે. ૨૦૨૩માં તે પ્રથમ સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં બહાર થયા પછી પણ તેણીએ હાર માની નહોતી. તે જ વર્ષે તેણીએ હાંગઝોઉ એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને જોરદાર વાપસી કરી સાથે સાથે પેરિસ ઓલિમ્પિક માટે ટિકિટ પણ મેળવી. જોકે, પેરિસ ઓલિમ્પિક પહેલા તેને હેપેટાઈટિસ છ થયો.

બીમારીએ તેની તૈયારીઓ પર પ્રતિકૂળ અસર કરી હોવા છતાં તેણીએ ખૂબ જ મજબૂત સ્થિતિસ્થાપકતા દર્શાવી અને ઓલિમ્પિકમાં રાઉન્ડ ઓફ ૧૬માં આગળ વધી. આ પડકારજનક સમયગાળા દરમિયાન પણ તેણીએ રમત પ્રત્યે પોતાનું શિસ્ત જાળવી રાખ્યું. પેરિસ ઓલિમ્પિક પછી લાંબા વિરામ પછી પરત ફરતી પ્રીતિએ રિંગમાં સનસનાટીભર્યું પ્રદર્શન કર્યું.

તેણીએ ૨૦૨૫ વર્લ્ડ બોક્સિંગ કપ ફાઈનલ અને એશિયન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ જીત્યા, જ્યારે સ્પેનમાં આયોજિત બોક્સમ એલીટ ઈન્ટરનેશનલ ટુર્નામિન્ટમાં સિલ્વર મેડલ પણ મેળવ્યો.

પ્રીતિ પવારના બોક્સિંગમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ વધુ સારા સમાચાર સામે આવ્યા છે. મહિલાઓની ૫૭ કિગ્રા બોક્સિંગ ફાઈનલમાં જાસ્મીન લેમ્બોરિયાએ ઉત્તરી આયર્લેન્ડની માઈકેલા વોલ્શને હરાવીને ગોલ્ડ મેડલ પર કબજો કર્યો હતો.

મહિલાઓની ૫૭ કિગ્રા વજન કેટેગરીની ફાઈનલમાં જાસ્મીને શાનદાર શરૂઆત કરી. તેણીએ માઈકેલા વોલ્શ સામે પ્રથમ રાઉન્ડ જીત્યો, પાંચમાંથી ત્રણ જજોએ તેના પક્ષમાં ચુકાદો આપ્યો, જેનાથી તેને શરૂઆતની લીડ મળી. પ્રથમ રાઉન્ડ જીત્યા પછી જાસ્મીને વોલ્શ સામે બીજો રાઉન્ડ પણ સુરક્ષિત કર્યો. ફરી એકવાર પાંચમાંથી ત્રણ જજોએ તેની તરફેણમાં ચુકાદો આપ્યો. પરિણામે તેણીએ સ્કોરકાર્ડ પર ૨૦-૧૮ની લીડ સાથે અંતિમ રાઉન્ડમાં પ્રવેશ કર્યો અને ગોલ્ડ કબજે કર્યો.

સેલ્વા પ્રભુને મળ્યો બ્રોન્ઝ મેડલ

# CWG 2026ના ટ્રિપલ જમ્પમાં પ્રવીણ ચિત્રાવેલે જીત્યો સિલ્વર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૦૨ :** કૉમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ના ટ્રેક એન્ડ ફિલ્ડ કોમ્પિટિશનમાં ભારત માટે સફળતાનો સિલસિલો ૧ ઓગસ્ટના રોજ પણ ચાલુ રહ્યો. પુરુષોની ટ્રિપલ જમ્પ સ્પર્ધામાં ભારતે ડબલ મેડલ પર કબ્જો જમાવ્યો છે.

ભારતના નંબર-૧ ટ્રિપલ જમ્પર પ્રવીણ ચિત્રાવેલે સિલ્વર મેડલ જીત્યો છે, જ્યારે પ્રથમ વખત આ ગેમ્સમાં ભાગ લઈ રહેલા સેલ્વા પ્રભુ તિરૂમારને બ્રોન્ઝ મેડલ જીતીને દેશની ખુશી બમણી કરી દીધી છે.

પ્રવીણ ચિત્રાવેલ માટે આ જીત ખૂબ જ ખાસ હતી, કારણ કે ૪ વર્ષ પહેલા બર્મિંગહામ ગેમ્સમાં તે ખૂબ જ ઓછા અંતરથી બ્રોન્ઝ મેડલથી ચૂકી ગયો હતો, અને ચોથા સ્થાને રહ્યો હતો. આ વખતે પ્રવીણે ૧૬.૫૮ મીટરની શ્રેષ્ઠ છલાંગ લગાવીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો. જમૈકાના જોર્ડન સ્કોટે ૧૬.૭૨ મીટરની છલાંગ લગાવીને ગોલ્ડ મેડલ જીત્યો.

બીજી તરફ ૨૧ વર્ષીય સેલ્વા પ્રભુ તિરૂમારને પોતાના ડેબ્યૂ કૉમનવેલ્થ ગેમ્સમાં જ ૧૬.૫૨ મીટરની જમ્પ લગાવીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો. સેલ્વા પ્રભુની કારકિર્દીનો આ અત્યાર સુધીનો સૌથી મોટો મેડલ છે. આ પહેલા તેમણે વર્ષ ૨૦૨૨માં અંડર-૨૦ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

# ભારતીય બોક્સર જાદુમણિ સિંહે સિલ્વર મેડલ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૦૨ :** કૉમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સરોનું શાનદાર પ્રદર્શન સતત ચાલુ છે. ગ્લાસગોમાં પ્રીતિ પવાર અને જેસમિનની ગોલ્ડન જીત બાદ બોક્સર જાદુમણિ સિંહ મંદેંગબામે પણ પોતાના પંચનો જાદુ બતાવ્યો છે. જાદુમણિ સિંહે 55 kg વર્ગના ફાઈનલમાં ઉત્કૃષ્ટ રમત દર્શાવી હતી, પરંતુ ખિતાબી મુકાબલામાં તેમને ઓસ્ટ્રેલિયાના જાઈ ડિક્સન સામે હારનો સામનો કરવો પડ્યો હતો, જેના કારણે તેમને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો.

જાદુમણિ સિંહ પહેલા 50 kg ભારવર્ગમાં રમતા હતા, પરંતુ તેમણે પોતાનું વજન 5 kg વધારીને 55 kg વર્ગમાં રમવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયની ખૂબ ટીકા થઈ હતી, પરંતુ તેમણે જાહેરમાં વચન આપ્યું હતું કે, જો તે આ કેટેગરીમાં સારું પ્રદર્શન નહીં કરી શકે તો બોક્સિંગ છોડી દેશે. 55 kg વર્ગમાં તેમણે અદ્ભુત પ્રદર્શન કરીને ટીકાકારોને જવાબ આપ્યો હતો.

જાદુમણિ પહેલા ફૂટબોલ રમતા હતા, પરંતુ પોતાના કાકાના કહેવાથી તેમણે બોક્સિંગ શરૂ કર્યું. ઈમ્ફાલમાં વર્ષ ૨૦૧૬માં માત્ર ૨૮ કિલોગ્રામ વજન હોવા છતાં તેમણે ૩૬ કિલોગ્રામ વર્ગમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. પૂર્વ ભારતીય બોક્સર મેરી કોમ અને એલ. સરિતા દેવી તેમના આ પ્રદર્શનથી પ્રભાવિત થઈને તેમને ૫૦૦-૫૦૦ રૂપિયાનું ઈનામ આપ્યું હતું, ત્યારપછી જાદુમણિએ બોક્સિંગને પોતાની કારકિર્દી બનાવી લીધી હતી.

# કોમનવેલ્થમાં નીરજ ચોપડાને ગોલ્ડ મેડલ ન મળ્યો છતાં રચ્યો ઇતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૦૨ :** કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય જેવલિન થ્રોઅર્સે મેદાન પર અદભુત પ્રદર્શન કરીને દેશનું નામ રોશન કર્યું છે. ગ્લાસગોમાં રમાઈ રહેલી આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં પ્રતિકૂળ અને પડકારજનક હવામાન વચ્ચે પણ ભારતના સ્ટાર એથ્લેટ નીરજ ચોપડાએ શાનદાર પ્રદર્શન કરીને સિલ્વર મેડલ પોતાના નામે કર્યો છે.

ગોલ્ડ મેડલ ભલે ચૂકી ગયા હોય, પરંતુ આ સિલ્વર મેડલની સાથે જ નીરજ ચોપડાએ કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં એક મોટો અને અભૂતપૂર્વ રેકોર્ડ પોતાના નામે નોંધાવી દીધો છે. તે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં જેવલિન થ્રો સ્પર્ધામાં ભારત તરફથી ૨ મેડલ જીતનારા સૌપ્રથમ એથ્લેટ બની ગયા છે. આ ઐતિહાસિક ક્ષણે ભારત માટે બેવડી ખુશી એ રહી કે ભારતના જ યુવા ખેલાડી યશવીર સિંહે પણ શાનદાર પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ પર કબજો જમાવ્યો છે.

૨૮ વર્ષીય નીરજ ચોપડાએ ફાઈનલ મુકાબલામાં શાનદાર શરૂઆત કરી હતી. તેણે પોતાના બીજા પ્રયાસમાં ૮૫.૮૩ મીટરનો ભાલો ફેંકીને પોતાની આ સિઝનનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું અને સ્પર્ધામાં શરૂઆતી લીડ મેળવી લીધી હતી. જોકે, શ્રીલંકાના સ્ટાર ખેલાડી રૂમેશ થારંગા પાથિરાગેએ પોતાના બીજા જ પ્રયાસમાં ૮૯.૭૫ મીટરનો વિસ્ફોટક અને અદભુત થ્રો કરીને ગોલ્ડ મેડલ પર પોતાનો કબજો જમાવી દીધો હતો. નીરજે છેલ્લે સુધી ટક્કર આપી પરંતુ બાકીના પ્રયાસોમાં લય ન પકડાતા તેને સિલ્વર મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

આ ઐતિહાસિક ક્ષણ ભારત માટે એટલા માટે પણ ખાસ રહી કારણ કે કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં પ્રથમ વખત જેવલિન થ્રોના પોડિયમ પર એક સાથે બે ભારતીય ખેલાડીઓ જોવા મળ્યા હતા. પ્રથમ વખત આ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ રમી રહેલા ભારતના યુવા ખેલાડી યશવીર સિંહે અદ્ભુત રમત બતાવી હતી. તેણે પોતાના અંતિમ પ્રયાસમાં ૮૫.૪૧ મીટરનો પોતાનો સવર્શ્રેષ્ઠ થ્રો ફેંકીને બ્રોન્ઝ મેડલ જીતી લીધો હતો અને આખા દેશને ચોંકાવી દીધો હતો. સ્પર્ધામાં ભાગ લઈ રહેલા ત્રીજા ભારતીય એથ્લેટ રોહિત યાદવ ૭મા સ્થાને રહ્યો હતો.

બીજી તરફ, આ મેચમાં મોટો ઉલટફેર પણ જોવા મળ્યો હતો. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાનનો સ્ટાર એથ્લેટ અર્ષદ નદીમ આ ફાઈનલ રેસમાં સદંતર ફ્લોપ સાબિત થયો હતો. નદીમ શરૂઆતના ત્રણ રાઉન્ડ બાદ જ સ્પર્ધામાંથી બહાર થઈ ગયો હતો અને એકંદરે ૯મું સ્થાન મેળવી શક્યો હતો, જે રમત જગત માટે મોટો આંચકો માનવામાં આવે છે.

વડાપ્રધાન મોદીએ દેશના યુવાઓને લેવડાવ્યો સંકલ્પ

# વિકસિત ભારત માટે યુવાઓનું નશા મુક્ત હોવું જરૂરી છે : વડાપ્રધાન મોદી

**વડાપ્રધાને નશા મુક્ત યુવા-વિકસિત ભારત સંકલ્પ અભિયાનની શરૂઆત કરી, આ કાર્યક્રમમાં ૨૮ હજારથી વધુ સ્થળોએથી ૧ કરોડથી વધુ યુવાનો જોડાયા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૨**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નશા મુક્ત યુવા, વિકસિત ભારત અભિયાનની શરૂઆત કરી છે. દેશભરમાં આયોજીત આ કાર્યક્રમમાં ૨૮ હજારથી વધુ સ્થળોથી એક કરોડથી વધુ યુવાનો જોડાયા હતા. પ્રધાનમંત્રીના સંબોધન પહેલા દેશભરના યુવાઓએ એક સાથે નશા મુક્ત ભારત બનાવવાના શપથ લીધા. પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં કહ્યું કે, આપણે એક મહાન સંકલ્પ માટે એકત્ર થયા છીએ. બધા સંત, બધા રાજ્યપાલ, બધા મુખ્યમંત્રી અને જનપ્રતિનિધિ, ૨૮ હજાર સંસ્થાઓ સાથે જોડાયેલા ૧ કરોડથી વધુ યુવા સાથી, આ શુભ સંકલ્પ માટે અભિનંદન.

પીએમ મોદીએ કહ્યુ કે, જે અભિયાનના આપણે સાક્ષી બની રહ્યાં છીએ તે વ્યક્તિ, પરિવાર, સમાજ અને સૌથી મોટી વાત છે કે આ અભિયાન રાષ્ટ્ર માટે છે. વિકસિત ભારત સંકલ્પ માટે નશા મુક્ત યુવા હોવા જરૂરી છે. આ નામ જ સંકલ્પને સ્પષ્ટ કરે છે. દેશને વિકસિત ભારત બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે તો દેશના યુવા તનથી સ્વસ્થ હોય, મનથી સ્વસ્થ હોય, આત્મવિશ્વાસથી ભરપૂર હોય અને ડ્રગ્સ જેવી ઘાતક આદતોથી દૂર રહે, આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે, તેથી આપણે બધાએ સંકલ્પ લેવાનો છે કે યુવા નશાના ખતરાને સમજે અને તેનાથી દૂર રહે.

આપણે દરેક યુવાને નશાની ઝપેટમાં ફસાતો બચાવવાનો છે. આપણા પ્રોફેસરોને અપીલ છે કે તે પોતાની કોલેજમાં નશા વિરુદ્ધ અભિયાન ચલાવે. યુવાઓને નશાની ગિરફતમાંથી બહાર કાઢે. જે યુવા નશાને પરાસ્ત કરી નીકળે છે તે યોદ્ધા હોય છે, સમાજે તેનું સન્માન કરવું જોઈએ. ડ્રગ્સ સાથે જોડાયેલો તેનો ભૂતકાળ તેની ઓળખ ન હોઈ શકે. નશાના કારોબારીઓ પર કડક કાર્યવાહી થઈ રહી છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યુ કે, કાશીથી શરૂ થયેલો આ જનકલ્યાણકારી વિચાર હવે એક રાષ્ટ્રીય અભિયાનનું રૂપ લઈ ચૂક્યો છે. તેમણે કહ્યું- આજથી દેશભરમાં નશા મુક્ત યુવા અભિયાનની શરૂઆત થઈ રહી છે. આ અભિયાન દરેક વર્ગના યુવાઓને જોડનારૂ છે. લાખો યુવાઓએ અત્યારે નશામુક્તિના શપથ લીધા છે અને આ સંકલ્પ આગામી ૧૦૦ સપ્તાહ સુધી યથાવત રહેશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, આગામી ૧૦૦ રવિવાર સુધી દેશભરમાં કળા, સંસ્કૃતિ, આધ્યાત્મ અને સેવા સાથે જોડાયેલી વિવિધ ગતિવિધિઓના માધ્યમથી નશામુક્તિનો સંદેશ લોકો સુધી પહોંચાડવામાં આવશે.

કાર્યક્રમમાં પૂજ્ય અમ્મા, ગુરૂદેવ શ્રી શ્રી રવિશંકર, પૂજ્ય દાજી, ડો. ચિન્મય પંડ્યા અને સ્વામી બ્રહ્મવિહારીજી સહિત પાંચ મુખ્ય આધ્યાત્મિક ગુરૂ સામેલ હતા. આ સિવાય ઘણા રાજ્યોના મુખ્યમંત્રી અને રાજ્યપાલ પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ અભિયાનથી ૧૨૫થી વધુ આધ્યાત્મિક સંગઠનો, સ્કૂલ-કોલેજો, સંસ્થાઓ, જાહેર સંગઠનો અને ઔદ્યોગિક સંઘોના સહયોગથી આયોજીત કરવામાં આવ્યો હતો. બ્રહ્માકુમારીઝ, ઈસ્કોન, ચિન્મય મિશન અને ઓરોવિલેના વરિષ્ઠ પ્રતિનિધિઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માં બબાલ

# ગ્લાસગોની રેસ્ટોરન્ટમાં ભારતના ખોટા નકશા પર વિવાદ સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્લાસગો, તા.૦૨**

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ દરમિયાન ગ્લાસગોની એક ભારતીય રેસ્ટોરન્ટમાં ભારતના ખોટા નકશાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. ન્યૂઝ એજન્સી આઈએએનએસ (IANS) ના અહેવાલ મુજબ, ભારતીય ટીમ અર્થાત ખેલાડીઓના સન્માનમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન આપવામાં આવેલા નેપકિન પર છપાયેલા ભારતના નકશામાં પૂર્વોત્તર રાજ્યોને દર્શાવવામાં આવ્યા નહોતા. આ બાબતે ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા અને ભારતીય મહિલા બોક્સર લવલીના બોરગોહેને સખત વાંધો ઉઠાવ્યો હતો. લવલીનાએ ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો છે, તેને ફાઈનલ મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.

અસમની રહેવાસી લવલીનાએ નેપકિન પર છપાયેલો નકશો જોતાં જ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, નેપકિન પર બનેલા નકશામાં અમારું પૂર્વોત્તર (નોર્થ ઈસ્ટ) દર્શાવવામાં આવ્યું નથી. બહાર પણ જે મેપ લગાવવામાં આવ્યો છે, તેમાં પણ અમારું નોર્થ ઈસ્ટ નથી. આ જોઈને મને ખૂબ જ ખરાબ લાગ્યું. ભારતનો દરેક ભાગ મહત્વપૂર્ણ છે અને તેને સાચી રીતે જ દર્શાવવો જોઈએ. તેની આ ટિપ્પણી બાદ આ મામલો ભારે ચર્ચાનો વિષય બની ગયો છે.

ભારતીય બોક્સિંગ ફેડરેશન (BFI) ના પ્રમુખ અજય સિંહે પણ રેસ્ટોરન્ટ દ્વારા ઉપયોગમાં લેવાયેલા નકશા પર સવાલો ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, નેપકિન પર માત્ર પૂર્વોત્તર જ નહીં, પરંતુ જમ્મુ-કાશ્મીરનું પણ અધૂરું ચિત્રણ કરવામાં આવ્યું છે.

તેમણે રેસ્ટોરન્ટ મેનેજમેન્ટને અપીલ કરતા કહ્યું, માત્ર નોર્થ ઈસ્ટ જ નહીં, આમાં કાશ્મીર પણ પૂરું નથી. ખોટા નકશા વાળા તમામ નેપકિન તુરંત હટાવવામાં આવે અને તેની જગ્યાએ ભારતની સંપૂર્ણ ભૌગોલિક સીમાને સાચી રીતે દર્શાવતા નકશાનો જ ઉપયોગ કરવામાં આવે.

ગ્લાસગોનું મિસ્ટર સિંહ્સ ઈન્ડિયા – ધ હોમ ઓફ કરી શહેરનું એક લોકપ્રિય ભારતીય રેસ્ટોરન્ટ માનવામાં આવે છે. છેલ્લા ત્રણ દાયકાથી કાર્યરત આ રેસ્ટોરન્ટ અવારનવાર વિવિધ દેશોના ખેલાડીઓ અને ખાસ મહેમાનોની મેજબાની કરતું રહ્યું છે. જોકે, આ વિવાદ સામે આવ્યા બાદ પણ રેસ્ટોરન્ટ મેનેજમેન્ટ તરફથી હજુ સુધી કોઈ અધિકૃત નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ભારતીય બોક્સિંગ ટીમે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં પોતાનું સવર્શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે.

ભારતે બોક્સિંગમાં રેકોર્ડ ૧૦ મેડલ જીત્યા છે, જેમાં ૭ ગોલ્ડ અને ૩ સિલ્વર સામેલ છે. પ્રીતિ પવાર, જેસ્મિન લામ્બોરિયા, સાક્ષી ચૌધરી, પ્રિયા ઘંઘાસ, અરૂંધતિ ચૌધરી, સચિન સિવાચ અને અંકુશ પંઘાલે ગોલ્ડ મેડલ જીત્યા છે, જ્યારે જાદુમણિ સિંહ, લવલીના બોરગોહેન અને નરેન્દ્ર બરવાલે સિલ્વર મેડલ પોતાના નામે કર્યા છે. આ ઐતિહાસિક પ્રદર્શન વચ્ચે ભારતના ખોટા નકશાને લઈને ઊભો થયેલો વિવાદ પણ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

# ઈન્ડોનેશિયામાં ૨૭૧ લોકોથી ભરેલી બોટમાં આગઃ ૫ના મોત



(સંપૂર્ણ સમાચાર સેવા)

**જાકર્તા, તા.૦૨**

ઈન્ડોનેશિયામાં એક મોટી દરિયાઈ દુર્ઘટના સામે આવી છે, જ્યાં ૨૭૧ લોકોથી ભરેલી એક ફેરીમાં સમુદ્રમાં અચાનક આગ લાગી ગઈ હતી. આ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા છે. જ્યારે ૪૧ લોકો હજુ પણ ગુમ છે. વિવિધ અહેવાલ મુજબ સર્ચ એન્ડ રેસ્ક્યુ અધિકારીઓ દ્વારા બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સી (Basarnas) ના જણાવ્યા અનુસાર, કેપ્ટને અહેવાલ આપ્યો હતો કે જ્યારે આ જહાજ પૂર્વ જાવાના ઈન્ડોનેશિયાના બીજા સૌથી મોટા શહેર સુરાબયાથી દક્ષિણ સુલાવેસીના મકાસ્સાર તરફ જઈ રહ્યું હતું, ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.

એજન્સીના ડેટા મુજબ, ફેરીમાં કુલ ૨૭૧ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ સવાર હતા. જેમાંથી રવિવાર બપોર સુધીમાં ૨૨૫ લોકોને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા છે. સુરાબયા સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓફિસના વડા નાનાંગ સિગિટના જણાવ્યા અનુસાર, અનેક નજીકના જહાજો બચાવ કામગીરીમાં જોડાયા છે.


તેમણે જણાવ્યું હતું કે, TB Hasnur 26 અને બ્રિટીશ મેન્ટર જહાજો KMP Mutiara Sentosa 2 પરથી કૂદી પડેલા મુસાફરોને બચાવવામાં મદદ કરી રહ્યા છે. હાલમાં ચાર જહાજો ફેરીની સાથે છે.


આ ઉપરાંત, સર્ચ-એન્ડ-રેસ્ક્યુ જહાજ SAR 249 Permadi પણ ઘટનાસ્થળે પહોંચી રહ્યું છે, જેને પહોંચવામાં અંદાજે ૬ કલાકનો સમય લાગશે.

ઘટનાસ્થળના કેટલાક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા છે. જેમાં ફેરીના ઉપલા ડેક પરથી જાડા કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા અને આગ ફેલાતી જોઈ શકાય છે. જીવ બચાવવા માટે લાઈફ જેકેટ પહેરેલા મુસાફરો જહાજની એક બાજુએ એકઠા થયેલા નજરે પડે છે. જોકે, આ ફૂટેજની સત્તાવાર સત્યતા હજુ સુધી વેરિફાઈ થઈ શકી નથી.

# આસામ પૂર રાહત માટે ગૌતમ અદાણીનું ₹.૧૧ કરોડનું યોગદાન, અદાણી ફાઉન્ડેશને ૮,૦૦૦ પરિવારો સુધી મદદ પહોંચાડી

- **આસામના શિવસાગર અને ધેમાજી જિલ્લાના અંતરિયાળ અને દુર્ગમ ગામો સહિતના પ્રભાવિત પરિવારો સુધી આવશ્યક ખાદ્ય સામગ્રી, દવાઓ અને સ્વચ્છતા કીટ પહોંચાડવામાં આવી રહી છે.**
- **આ રાહત કામગીરી અદાણી ફાઉન્ડેશન દ્વારા અદાણી સ્માર્ટ મીટર અને ગુવાહાટી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (GIAL) ના સહયોગથી ચલાવવામાં આવી રહી છે.**
- **આસામના મુખ્યમંત્રી ડૉ.હિમંત બિસ્વા શર્માએ 'X' પર આ યોગદાન બદલ આભાર વ્યક્ત કરતા જણાવ્યું કે, આ મદદ રાજ્યના પૂર રાહત કાર્યોને મજબૂત કરશે અને હજારો અસરગ્રસ્ત પરિવારોને સહારો આપશે.**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૦૨**

અદાણી ગ્રૂપના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ આસામના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન કાર્યો માટે મુખ્યમંત્રી રાહત નિધિમાં ₹.૧૧ કરોડનું યોગદાન આપ્યું છે. આસામના મુખ્યમંત્રી ડૉ.હિમંત બિસ્વા શર્માએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ સહાયની પ્રશંસા કરતા લખ્યું છે કે, આ આર્થિક સહયોગ રાજ્ય સરકારના રાહત અભિયાનને વધુ વેગ આપશે અને મુશ્કેલીમાં મુકાયેલા હજારો પરિવારોને મોટી રાહત આપશે.

આ આર્થિક સહયોગની સાથે જ, અદાણી ગ્રૂપની સામાજિક કલ્યાણ અને વિકાસ સંસ્થા 'અદાણી ફાઉન્ડેશન' દ્વારા ઉપલા આસામમાં વ્યાપક પૂર રાહત કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કામગીરીમાં અદાણી સ્માર્ટ મીટર અને ભારતના સૌથી મોટા ખાનગી એરપોર્ટ ઓપરેટર અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડ (AAHL) ની પેટાકંપની ગુવાહાટી ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (GIAL) પણ સહયોગ આપી રહી છે.

આ રાહત અભિયાન અંતર્ગત શિવસાગર જિલ્લાના નાઝિરા સબ-ડિવિઝન અને ધેમાજી જિલ્લાના સિલાપથારમાં આશરે ૮,૦૦૦ પરિવારો સુધી પૂર રાહત કીટ પહોંચાડવામાં આવી રહી છે. પ્રત્યેક રાહત કીટમાં જીવનજરૂરી અન્ન સામગ્રી, દવાઓ અને સેનિટાઈઝેશન તેમજ હાઈજીન પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે, જેથી પૂરના કારણે વિખેરાયેલા જીવનને ફરી બેઠું કરી રહેલા પરિવારોની તાત્કાલિક જરૂરિયાતો પૂરી થઈ શકે.

આ રાહત કામગીરી નાઝિરાના ૧૪ ગામો (ગુરમુર મીરી-નેપાલી બસ્તી, સાંતક ગ્રાન્ટ, બાલીગાંવ, રોજાપૂલ દુવારાહ ગામ, બામુનપુખુરી, ગોહાઈન ગામ-કોમલ સાપોરી, હુલાંગ કટોની, હુલાંગ કલિતા, બેંગમોરા કોંવર ગામ, બાઈલુંગ ગામ, મીરી ગામ, ઓગુરીજાન અને બિહુબોર ગ્રાન્ટ) તેમજ સિલાપથારના પૂર પ્રભાવિત વિસ્તારોને આવરી લે છે. અદાણી ફાઉન્ડેશનની ટીમો અત્યંત દુર્ગમ અને પછાત વિસ્તારો સુધી પહોંચીને પાયાની મદદ સુનિશ્ચિત કરી રહી છે.

અદાણી ફાઉન્ડેશન માટે આપત્તિ સમયે રાહત એ પુનર્વસનનું પ્રથમ પગથિયું છે. આસામના પરિવારોની પડખે ફાઉન્ડેશન અડીખમ બનીને ઉભુ છે. સમગ્ર સમુદાયને વધુ મજબૂત તથા સક્ષમ બનાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

# વલસાડ ભાગડાવાડા જુની હાઉસીંગ એલ.આઈ.જી. બ્લોક-૨ ધરાશાયી : રી-ડેવલોપમેન્ટ કરવાની ઉઠેલી માંગ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૨

વલસાડ ભાગડાવાડા વિસ્તારમાં આવેલ જુની હાઉસીંગ એલ.આઈ.જી. બ્લોક-૨ ધરાશાયી થયો. ક્રમશઃ આ હાઉસીંગના મકાનો ટપોટપ ધરાશાયી થઈ રહ્યા છે. પરંતુ મધ્યમ અને ગરીબ વર્ગના લોકો રોડ ઉપર આવી ગયા છે. સરકાર આ હાઉસીંગ યોજના અંગે દુર્લક્ષ સેવી રહી છે. સ્થાનિક રહેવાસી જે મૂળ માલિકો છે તેઓ મકાનોનું રી-ડેવલોપમેન્ટ થાય તેવી માંગ કરી રહ્યા છે.

ભાગડાવાડામાં જે તે સમયે મધ્યમવર્ગના લોકો માટે ગુજરાત હાઉસીંગ બોર્ડે એલ.આઈ.જી. વર્ગ માટે ૧૪૦ બ્લોક ૬૦૦

**ગરીબ મધ્યમ વર્ગની આ હાઉસીંગ યોજના તદ્દન જમીનદોસ્ત થવાને આરે**

જેટલા મકાનો બનાવ્યા હતા. પરંતુ હલકી કક્ષાના બાંધકામને લઈ પઝેશનમાં ટૂકા વર્ષોમાં મકાનો એક પછી તૂટી પડવા લાગ્યા, લોકો જીવ બચાવવા હેતુ રહેઠાણો છોડી વૈકલ્પિક મકાનોમાં રહેવા ચાલી ગયા છે. હાલ હોરર બંગલા જેવી સ્થિતિમાં જર્જરીત મકાનો અટહાસ્ય કરી રહ્યા છે. મૂળ માલિકોના દસ્તાવેજ પણ થઈ ગયા છે. પરંતુ આ હાઉસીંગ બોર્ડ આ મકાનનું રી-ડેવલોપમેન્ટ નથી કરી રહી, અનેક ગરીબ પરિવારો બેઘર થઈ રઝળતા થઈ ગયા છે. પરંતુ સરકારના પેટનું પાણી હાલતું નથી. તેથી સત્વરે મૂળ માલિકોની હિત માટે નવા મકાનો બનાવવા જાહેબ હિત માટે જરૂરી છે.

# સરીગામની એન.આર. અગ્રવાલ કંપની સામે પીઆઈએલ કરનાર પર વડી અદાલતની લાલ આંખ

**ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ કરનાર સત્યજીત પારસનાથ રાયની અરજી સામે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડનો મજબૂત અહેવાલ રજૂ થતાં ફેક્ટરી સામે મુકવામાં આવેલા તમામ આક્ષેપા પાયા વિહોણા સાબિત થતાં સ્વાર્થ પ્રેરિત હોવાની શંકા વ્યક્ત કરી છે અને જો સાબિત થાય તો આગામી સુનાવણીમાં દંડ થવાની આપેલી ચેતવણી**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૦૨

સરીગામની એન.આર. અગ્રવાલ કંપની સામે ગુજરાત હાઈકોર્ટમાં પર્યાવરણ અને જાહેર હિતના નામે અરજી દાખલ કરનારાઓ સામે પૂર્વગ્રહયુક્ત અને સ્વાર્થ પ્રેરિત હોવાની શક્યતાની નોંધ કરી સખત વલણ અપનાવવામાં આવતા સમગ્ર મુદ્દો ચર્ચાના કેન્દ્રસ્થાને આવી જવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગત મુજબ સરીગામ વિસ્તારની એક ઈન્ડસ્ટ્રીઝ સામે થયેલી ડબ્લ્યુ.પી.આઈ.એલ. નં.૨૪/૨૦૨૬ કેસની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે અરજદાર સત્યજીત પારસનાથ રાયકુમાર સામે આકરા પ્રશ્નો ઉઠાવ્યા છે. કોર્ટે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આ અરજી અંગત સ્વાર્થ કે કોઈ છૂપા ઈરાદાથી પ્રેરિત સાબિત થશે, તો અરજદાર પર આર્થિક દંડ ફટકારવામાં આવશે.

આ કેસમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા કોર્ટમાં સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું. જીપીસીબીના અહેવાલમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, પ્રતિવાદી નંબર ૮ની ફેક્ટરી સામે અગાઉ કરવામાં આવેલી તમામ ફરિયાદોની વારંવાર તપાસ કરવામાં આવી છે, પરંતુ ફેક્ટરી દ્વારા પર્યાવરણના નિયમો કે પ્રદૂષણ સંબંધી કોઈ જ ઉલ્લંઘન કરવામાં આવ્યું નથી. અરજદારે કોર્ટમાં એવી રજૂઆત કરી હતી કે આ ફેક્ટરી એક વસ્તીવાળા કે રહેણાંક વિસ્તારમાં એકલી ધમધમી રહી છે. જો કે જીપીસીબીએ આ દલીલને સંપૂર્ણપણે ફગાવી દેતા જણાવ્યું હતું કે, પ્રતિવાદી નં.૮ની આસપાસ ૧૦૦ એકરનો ઔદ્યોગિક વિસ્તાર છે, જ્યાંથી ૪૯૧ ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ધરાવતું સરીગામ જીઆઈડીસી માત્ર ૪૦૦ મીટર અંતરે આવેલું છે. ઉપરાંત એનમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, અનંત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક તેમજ પિડીલાઈટ અને બાયોલટસ જેવી દિગ્ગજ કંપનીઓ નજીકમાં જ કાર્યરત છે. આમ, રહેણાંક વિસ્તારની વચ્ચે એકલદોકલ યુનિટ હોવાની વાત તદન ભ્રામક અને ગેરમાર્ગે દોરનારી છે.

આ ઉપરાંત જીપીસીબી અને કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલય દ્વારા કરાયેલી તપાસ તથા ઓડિટમાં નીચે મુજબના વિગતવાર તથ્યો સામે આવ્યા હતા. ફેક્ટરી પાસે કચરાના પુનઃઉપયોગ અને પ્રદૂષિત પાણીના શુદ્ધિકરણ માટે પ્રાથમિક અને દ્વિતીયક ઈટીપી પ્લાન્ટ કાર્યરત છે. શુદ્ધ કરેલું પાણી સરીગામ સીઈટીપીમાં કાયદેસર મોકલવામાં આવે છે અને તેની લોગબુકના આંકડા સીઈટીપી સાથે સંપૂર્ણ મેળ ખાય છે. તેમજ હવામાં પ્રદૂષણ માપવા માટેની ઓનલાઈન મોનિટરિંગ સિસ્ટમ (OCEMS) ના ડેટા અને ભૌતિક તપાસના આંકડા નિયત મર્યાદામાં અને સમાન મળ્યા છે. કેન્દ્ર સરકારના પર્યાવરણ મંત્રાલયના ૨૩/૦૧/૨૦૧૯ના ઓફિસ મેમોરેન્ડમ મુજબ ''વેસ્ટ હીટ રિકવરી બોઈલર'' (WHRB) નો ઉપયોગ કરતા પાવર પ્લાન્ટને અલગથી પર્યાવરણીય મંજૂરી (EC)માંથી કાયદેસરની મુક્તિ પ્રાપ્ત છે. વધુમાં ETP બ્લોઅર હાઉસ વિસ્તારને એકોસ્ટિક સાઉન્ડપ્રૂફ શેટથી કવર કરીને અવાજનું પ્રમાણ નિયંત્રિત કરી દેવાયું છે.

જીપીસીપીના અહેવાલ બાદ મુખ્ય ન્યાયાધીશ શ્રીમતી સુનિતા અગ્રવાલ અને ન્યાયમૂર્તિ ડી.એન. રાયની ખંડપીઠે આકરી નોંધ લીધી છે કે અરજદાર પોતે સરીગામ વિસ્તારના એક ઉદ્યોગપતિ/વ્યવસાયી છે અને આ અરજી પાછળ ઔદ્યોગિક હરીફાઈ કે કોઈ છૂપો સ્વાર્થ હોઈ શકે છે.? કોર્ટે અરજદારના વકીલને તાકીદ કરી છે કે ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ આગામી સુનાવણીમાં આ મુદ્દે સ્પષ્ટતા સાથે તૈયાર રહેવું અને પિટિશન ખોટી સાબિત થવાના કિસ્સામાં અરજદાર પર કેમ ભારે દંડ ન કરવો તેની દલીલો રજૂ કરવી. ઉદ્યોગો અને વિકાસના કાર્યોને અટકાવવા માટે થતી આવી નકારાત્મક અરજીઓ સામે હાઈકોર્ટની આ સખત ચેતવણીથી ખોટા આક્ષેપો કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# સરીગામ સહિત સમગ્ર તાલુકામાં ભેળસેળયુક્ત ખોરાક સામે તપાસ હાથ ધરવા કરેલી રજૂઆત

**એફડીસીએ, કલેક્ટર અને ડીડીઓ સહિતના અધિકારીઓને રજૂઆત કરી FSSAIના નિયમોનું કડક પાલન કરાવવા અને શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના લેબોરેટરી ટેસ્ટિંગ માટે દોરલું ધ્યાન**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૦૨

તાજેતરમાં દેશના વિવિધ રાજ્યામાં ખાદ્ય સુરક્ષા વિભાગ દ્વારા ભેળસેળયુક્ત અને અસ્વચ્છ ખોરાક વેચતા એકમો સામે હાથ ધરાયેલી કડક ઝુંબેશ બાદ હવે ઉમરગામ તાલુકામાં પણ તંત્ર હરકતમાં આવે તેવી માંગ ઉઠી છે.

ઉમરગામ તાલુકાના નાગરિકોના આરોગ્ય અને જાહેર હિતને ધ્યાને રાખીને ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા જિલ્લાભરમાં આવેલી હોટેલો, રેસ્ટોરન્ટ્સ, સ્ટ્રીટ ફૂડ વેન્ડર્સ (લારી-ગલ્લા), બેકરીઓ, સ્વીટ શોપ્સ અને કાફેમાં અચાનક (સરપ્રાઈઝ) ચેકિંગ હાથ ધરવા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવી છે.

દહાડના સામાજિક આગેવાન શ્રી મુનીરભાઈ વસાયા દ્વારા વલસાડ જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન ઉપરાંત જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી ઉમરગામ તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીનું લેખિત ધ્યાન દોરી તાત્કાલિક અને પ્રો-એક્ટિવ પગલાં લેવા વિનંતી કરવામાં આવી છે. અરજીમાં જણાવ્યા અનુસાર પ્રજાના સ્વાસ્થ્ય સાથે થતા ચેડાં અટકાવવા માટે દરેક ખાદ્ય વ્યવસાય સાથે સંકળાયેલા એકમોમાં સ્વચ્છતા, ગુણવત્તાયુક્ત કાચો માલ, હાઈજેનિક કિચન અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ એક્ટના નિયમોનું ચૂસ્તપણે પાલન થવું અત્યંત જરૂરી છે. જો તંત્ર દ્વારા સમયાંતરે સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવે તો વેપારીઓ નિયમોનું યોગ્ય પાલન કરશે અને ગ્રાહકાને શુદ્ધ આહાર મળી રહેશે. જેથી સમગ્ર તાલુકામાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી તમામ ખાણી-પીણીની દુકાનો, હોટેલો, સ્વીટ શોપ્સ અને સ્ટ્રીટ ફૂડના સ્થળો પર અચાનક દરોડા પાડી તપાસ કરવામાં આવે. અને શંકાસ્પદ ખાદ્યપદાર્થો તેમજ તેલ, મસાલા અને ડેરી પ્રોડક્ટ્સના સેમ્પલ એકત્રિત કરી ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલવામાં આવે. આ ઉપરાંત ખોરાક બનાવવાની જગ્યાની સફાઈ, તેના સંગ્રહ કરવાની પદ્ધતિ અને કામ કરતા સ્ટાફની વ્યક્તિગત સ્વચ્છતાની સઘન તપાસ થાય. અને જો નિયમોનું ઉલ્લંઘન કરતા કે અસ્વચ્છ પરિસ્થિતિમાં ખોરાક બનાવતા હોય તો એમની સામે FSSAI એક્ટ હેઠળ કડક કાનૂની કાર્યવાહી અને દંડ કરવામાં આવે. આ કામગીરી માત્ર એકાદ વાર તપાસ કરવાના બદલે સમગ્ર વર્ષ દરમિયાન આ પ્રકારના સરપ્રાઈઝ ચેકિંગની આવૃત્તિ વધારવામાં આવે.

આ રજૂઆતને સામાન્ય નાગરિકો પણ આવકારી રહ્યા છે. કારણ કે બહારનો આહાર લેતા લોકોના આરોગ્યની સુરક્ષા સીધી રીતે આ તકેદારી સાથે જોડાયેલી છે.હવે જોવાનું એ રહે છે કે વલસાડ જિલ્લાનું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ આ રજૂઆત બાદ ક્યારથી અને કેવા પ્રકારનું સઘન તપાસ અભિયાન શરૂ કરે છે.

## સરીગામમાં યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટે પ્રસરાવેલી માનવતાની મહેક

# સ્વ. કમલાશંકર રાયની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત રક્તદાન શિબિરમાં રેકોર્ડ બ્રેક ૧૫૧૭ યુનિટ લોહી એકત્રિત કરી રજૂ કરેલું સમાજસેવાનું ઉદાહરણ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૦૨



સરીગામ અને આસપાસના વિસ્તારોમાં પોતાની ઉત્કૃષ્ટ સેવાકીય પ્રવૃત્તિઓથી અનોખી ઓળખ ઊભી કરનાર યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઉત્તમ સમાજસેવાનું ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. સામાજિક આગેવાન સ્વ.કમલાશંકર રાયની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા મેગા રક્તદાન કેમ્પમાં લોકોએ ઉત્સાહભેર ભાગ લઈને ૧૫૧૭ યુનિટ રક્ત એકત્રિત કર્યું હતું.

ટ્રસ્ટના ચેરમેન શ્રી રાકેશભાઈ રાયના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહા-રક્તદાન શિબિરમાં અખંડાનંદ આશ્રમ (પુનાટ) ના સાધ્વીજી જયા સરસ્વતીજી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. પ્રાર્થના ગીત અને સ્વ.કમલાશંકર રાયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરીને આ સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. લોકપ્રિય સામાજિક અને રાજકીય આગેવાન સ્વ.કમલાશંકર રાયે પોતાના જીવનકાળ દરમિયાન હંમેશાં માનવસેવાને કેન્દ્રસ્થાને રાખી હતી જે આજના આ મહારક્તદાન કેમ્પે તેમની સમાજસેવી ભાવનાને પુનઃ ઉજાગર કરી છે.

કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા ટ્રસ્ટના ચેરમેન શ્રી રાકેશભાઈ રાયે જણાવ્યું હતું કે, ''રક્તદાન એ માત્ર એક પુણ્યકાર્ય નથી, પરંતુ કટોકટીની પળોમાં દર્દીઓ માટે જીવન બચાવવાનું શ્રેષ્ઠ સાધન છે. લોહી ઘણીવાર જીવન અને મૃત્યુ વચ્ચેનો પુલ સાબિત થાય છે. શ્રી રાકેશભાઈ રાયે વધુમાં જણાવ્યું હતું કે જ્યારે પણ કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને લોહીની જરૂર પડે છે, ત્યારે અમારું ટ્રસ્ટ અને મારો પરિવાર તેને પ્રથમ પ્રાથમિકતા આપીને મદદ કરવા સદૈવ તત્પર રહે છે.''

આયોજિત રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓનો ઉત્સાહ વધારવા માટે સ્થાનિક રાજકીય અને સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. જેમાં સરીગામ સરપંચ શ્રી સહદેવભાઈ વઘાત, જિલ્લા પંચાયત સભ્ય શ્રીમતી નુતનબેન ભંડારી, તાલુકા પંચાયત સભ્યશ્રી અરવિંદભાઈ બોબા, અગ્રણી ઉદ્યોગપતિઓ, સામાજિક આગેવાનો તેમજ અન્ય સ્થાનિક અગ્રણીઓએ વિશેષ ઉપસ્થિતિ આપીને રક્તદાતાઓને બિરદાવ્યા હતા. ૧૫૧૭ યુનિટ જેટલું વિશાળ રક્ત એકત્રિત થતાં સમગ્ર વિસ્તારમાં આ સેવાકાર્યની ભારે સરાહના થઈ રહી છે.

# વાપી જીઆઈડીસી ફેઝ૩માં હાઈવોલ્ટેજ લાઈટ તૂટી પડી: કલાકો સુધી અવરજવર અને વાહન વહેવાર થંભી ગયો




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૨

વાપી જી.આઈ.ડી.સી. થર્ડ ફેઝ વિસ્તારમાં મેઘા ફાઈન કંપની પ્રા.લી.સામે હાઈવોલ્ટેજ લાઈન અચાનક તૂટી પડી હતી. દૂર્ઘટના સમયે મેઈન રોડની અવરજવર અને વાહન વહેવાર કલાકો સુધી પ્રભાવિત થયો હતો.

વાપી જી.આઈ.ડી.સી. મેઘા લાઈન કંપની પ્લોટ નં.૯૧૧ની સામે જીટકોની મેઈન લાઈન અચાનક તૂટી પડતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી હતી. જીટકો સ્ટેશનની નજીક ઘટના ઘટી હતી. છતાં સમારકામમાં ખુબ ઢીલાસ જોવા મળી હતી. ઘટના સમયે યથાવત અવરજવર અને વાહન વહેવાર ચાલુ હતો. પરંતુ સદ્નસીબે કોઈ દુર્ઘટના ઘટી નહોતી, મોટી દુર્ઘટના ટળી હતી. ચોમાસાને સમયે વિજતારોની દુર્ઘટના અનેક વિસ્તારમાં વારંવાર ઘટી રહી છે તેથી જાહેર સલામતી માટે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

# વલસાડમાં પેપર રોલ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગી: અફરાતફરીના માહોલ વચ્ચે આગ બુઝાવાઈ



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૦૨

વલસાડમાં રૂરલ પોલીસ સ્ટેશનની પાછળના ભાગે આવેલ પેપર રોલ બનાવતી કંપનીમાં આજે રવિવારે સવારે ૬ કલાકના સુમારે અચાનક ભીષણ આગ લાગી ઉઠતા અફરાતફરીનો માહોલ છવાઈ ગયો હતો.

વલસાડ રૂરલ પોલીસના પાછળના ભાગે કાર્યરત ચિઝલ પેપર એલ.એલ.પી. નામની કંપનીના કામદારોમાં ૬ વાગ્યાના સુમારે ભીષણ આગ લાગી ઉઠતા કંપનીના કામદારોમાં નાશભાગ મચી હતી. કામદારોએ મેનેજમેન્ટને જાણ કરતા શેઠ કંપનીમાં દોડી આવ્યા હતા.

બીજી તરફ વલસાડ પાલિકા ફાયરને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ ઘટના સ્થળે દોડી આવી આગ બુઝાવી હતી. રો-મટીરીયલમાં પેપર વપરાશ હોવાથી આગ વધુ ઝડપથી ફેલાઈ છે. આખા યુનિટમાં ફેલાઈ ગઈ હતી. કામદારોએ જરૂરી માલસામાન બચાવવાની ભારે જહેમત ઉઠાવી હતી. બનાવમાં કોઈને ઈજા કે જાનહાની થઈ નહોતી આગ લાગવાનું કારણ અકબંધ રહ્યું છે.

**(છેલ્લા પાનાનું ચાલુ) સેલવાસ ખાતે...**

શિક્ષણ ક્ષેત્રે, તમામ સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને મફત સ્કૂલ કીટ આપવામાં આવી રહી છે. નવી શાળાઓ અને છાત્રાલયોનું નિર્માણ, શિષ્યવૃત્તિ અને સાયકલ વિતરણ જેવી યોજનાઓ દ્વારા ગુણવત્તાયુક્ત અને સમાવિષ્ટ શિક્ષણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. **રાષ્ટ્રીય સિદ્ધિ સર્વે (PARAKH)**૨૦૨૪માં કેન્દ્રશાસિત પ્રદેશ રાષ્ટ્રીય સ્તરે પાંચમા ક્રમે રહ્યો હતો અને ૨૦૨૬ની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાઓમાં પણ સારો દેખાવ કર્યો છે.

સમારંભના મુખ્ય અતિથિ જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે જણાવ્યું હતું કે, ગ્રામીણ વિકાસ, સામાજિક સુરક્ષા હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વ-સહાય જૂથ સશક્તિકરણ અને મહિલા આજીવિકા કાર્યક્રમોને વેગ આપવામાં આવ્યો છે. ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રમાં રોકાણ પ્રોત્સાહન યોજનાઓએ નોંધપાત્ર રોકાણો આકર્ષ્યા છે અને હજારો નોકરીઓનું સર્જન કર્યું છે. Ease of doing Business (વ્યવસાય કરવાની સરળતા) અને Single Window(સિંગલ વિન્ડો) સિસ્ટમને પણ વધુ મજબૂત બનાવવામાં આવી છે.

જિલ્લામાં ચાલી રહેલી વિકાસલક્ષી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, જાહેર બાંધકામ વિભાગ, આરોગ્ય અને શિક્ષણ સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામ કરી રહ્યું છે, સાથે સાથે રસ્તાઓ, પુલો અને શહેરી-ગ્રામીણ માળખાગત સુવિધાઓના વિકાસની પણ યોજના બનાવી રહ્યું છે. આરોગ્ય ક્ષેત્રમાં આધુનિક તબીબી સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવ્યો છે અને નમો હોસ્પિટલ-સેલવાસને તેની ઉત્તમ આરોગ્યસંભાળ સેવાઓ માટે રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવામાં આવી છે.

મહિલા સશક્તિકરણ, ડેરી વિકાસ, રમતગમતની માળખાગત સુવિધાઓ, આંગણવાડી સુવિધાઓનું વિસ્તરણ અને રોજગાર સર્જન જેવા ક્ષેત્રોમાં પણ મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. સાયલીમાં નમો સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધાઓને સમાવવા માટે વિકસાવવામાં આવી રહ્યું છે.

જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, જુલાઈ, ૨૦૨૬ના ભયાનક પૂર દરમિયાન વહીવટીતંત્ર, ભારતીય સેના, ભારતીય કોસ્ટ ગાર્ડ અને ફાયરબ્રિગેડ વિભાગે સંયુક્ત રીતે રાહત અને બચાવ કામગીરી હાથ ધરી હતી અને અસરગ્રસ્ત નાગરિકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા હતા અને રાહત શિબિરો દ્વારા જરૂરી સહાય પૂરી પાડી હતી.

અંતે, તેમણે જણાવ્યું હતું કે, તમામ વિભાગોના સંકલિત પ્રયાસોથી જન કલ્યાણ, સુશાસન, માળખાગત વિકાસ અને નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવામાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. વહીવટીતંત્ર આગામી વર્ષોમાં સમાવિષ્ટ, ટકાઉ અને લોકો-કેન્દ્રિત વિકાસ માટે પ્રતિબદ્ધ છે. તેમણે ફરી એકવાર પ્રદેશના તમામ નાગરિકોને ‘મુક્તિ દિવસ’ના શુભ અવસર પર હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી, અને કાર્યક્રમનું સમાપન વંદે માતરમ અને રાષ્ટ્રગીતના ગાન સાથે કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં, દાદરા નગર હવેલીના સાંસદ શ્રીમતી કલાબેન ડેલકર, પૂર્વ સાંસદ શ્રી નટુભાઈ, જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રીમતી નિશાબેન ભવર અને સભ્યો, સેલવાસ નગરપાલિકાના પ્રમુખ શ્રી સોમનાથ દેવરે, કાઉન્સિલરો, સરપંચો, જિલ્લા પોલીસ અધિક્ષક, નિવાસી નાયબ કલેક્ટર (ખાનવેલ), નિવાસી નાયબ કલેક્ટર (સેલવાસ), મુખ્ય અધિકારી (સેલવાસ નગરપાલિકા) અને વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ, મીડિયાકર્મીઓ અને દાદરા નગર હવેલીના અગ્રણી નાગરિકોએ હાજરી આપીને કાર્યક્રમને શોભાયમાન બનાવ્યો હતો.

# દાનહના લાયન સફારીમાં સિંહ અશોકનું ટૂંકી માંદગી બાદ મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૨



દાદરા નગર હવેલીના વાસોણા લાયન સફારી પાર્કમાંથી એક દુઃખદ અને ચિંતાજનક ખબર સામે આવી છે. પાર્કના મુખ્ય આકર્ષણ રહેલ એશિયાટિક સિંહ અશોકને કિડનીની બીમારી થયા બાદ સારવાર દરમિયાન નિધન થયું છે. અશોકના ગયા બાદ હવે લાયન સફારીમાં ફક્ત એક સિંહણ ગિરજા એકલી થઈ ગઈ છે. જૂનાગઢ સક્કરબાગ ઝૂમાં તારીખ ૨/૩/૧૯૯૯ ના રોજ જન્મેલી સિંહણ સોનલનું વાસોના લાયન સફારી પાર્કમાં તારીખ ૪/૯/૨૦૦૨ના રોજ પ્રથમ જોડી રૂપે સોનલ, સિલ્કી અને કુશ નામક સિંહનું આગમન થયું હતું. એ વચ્ચેના સમયગાળા દરમિયાન સિંહણ સોનલે હમ સફર સાથી મિત્રો કુશ, ધર્મા અને મહિમને ગુમાવી ચૂકેલી સોનલને વિરલ નામક સિંહ મળતા ઘણા વર્ષથી ગુમ થયેલી સિંહ ગર્જના ફરી સાંભળવા મળતી રહી હતી.

દાદરા નગર હવેલીના લાયન સફારી પાર્કની અંદર ૧૨જૂન, ૨૦૧૯ના રોજ ૨૧વર્ષની ઉંમરે સિંહણ સોનલે લાંબી માંદગી બાદ અંતિમ શ્વાસ લીધો હતો ત્યારબાદ ફક્ત એક જ સિંહણ ગિરજા રહી ગઈ હતી. વર્ષ ૨૦૨૨માં ફરી વનવિભાગ દ્વારા જૂનાગઢથી બીજા સિંહને લાવવાની તજવીજ હાથ ધરી હતી. જે પ્રક્રિયા બાદ વાસોણા લાયન સફારીમાં સિંહનું આગમન થયું હતું.

એશિયાટિક લાયનનું એકમાત્ર ઘર ગીર જંગલનું સિંહ જૂનાગઢ પ્રાણી સંગ્રહાલયમાંથી એક સિંહ આશાનું બચ્ચું અશોકને લાવવામા આવ્યું હતું. જેનું પણ કોઈક કારણસર કિડનીની તકલીફ ઉભી થતા સારવાર દરમિયાન મોત થયું છે હવે હાલમાં અશોકના ગયા બાદ હવે લાયન સફારીમાં ફક્ત એક સિંહણ ગિરજા એકલી થઈ ગઈ છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સાંસદ ઉમેશભાઈ પટેલને...**

સેશન કોર્ટમાં જઈ સ્ટે ઓન કન્વીક્શન મેળવવાનો રહેશે. જો તેમાં સફળતા નહિ મળે તો હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી જઈ શકે.

કાનૂની નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે સર્વોચ્ચ ન્યાયાલય(સુપ્રિમ કોર્ટ)ના દિશા-નિર્દેશ અનુસાર દોષસિદ્ધિ ઉપર રોક લગાવવી એક અસાધારણ ઉપાય (એક્સેપ્શનલ પાવર) છે. અદાલતો કેટલીક મહત્ત્વની બાબતો જોઈ રોક લગાવતી હોય છે. જેમાં જો દોષસિદ્ધિ ઉપર રોક નહિ લગાવવામાં આવી તો એવું નુકસાન થશે જેની ભરપાઈ નહિ થઈ શકે.(જેમ કે તેમનું સંસદસભ્ય પદ હંમેશા માટે જવું અથવા ક્ષેત્રમાં ફરીથી પેટાચૂંટણી થવી), અપરાધ ખુબ જ જઘન્ય જેવો કે હત્યા, બળાત્કાર કે ભ્રષ્ટાચારનો નહિ હોવો જોઈએ. પ્રથમ દૃષ્ટિએ મજબૂત કેસ ઉપરી અદાલતને રેકોર્ડ જોઈને એવું લાગવું જોઈએ કે નીચલી અદાલતનો ફેંસલો કાનૂની રૂપથી કમજોર છે અને અપીલમાં તેમના પલટવાની પુરી સંભાવના છે.

ઉપરોક્ત બાબતોને મુખ્યત્વે ધ્યાનમાં લઈ ઉપરી અદાલતો દોષસિદ્ધિ ઉપર રોક લગાવવાનો નિર્ણય લેતા હોય છે.

જો કે, દમણ-દીવમાં હાલમાં ‘છાશ છાગોળે અને ભેંસ ભાગોળે’ જેવી સ્થિતિ છે. કોર્ટની સજાના કારણે બેકફૂટ ઉપર આવેલા સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલનું સંસદપદ રહેશે કે નહિ તેના ઉપર હાલ તમામની મીટ મંડાયેલી છે.

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# સેલવાસ ખાતે દાદરા નગર હવેલીના ૭૩મા 'મુક્તિ દિવસ'ની કરાયેલી ઉજવણી

## દાનહમાં ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રમાં રોકાણ પ્રોત્સાહન યોજનાઓએ નોંધપાત્ર રોકાણો આકર્ષ્યા છે અને હજારો નોકરીઓનું સર્જન કર્યું છેઃ જિલ્લા કલેક્ટર પ્રિયાંક કિશોર









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૨**

૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી વહીવટીતંત્રે જિલ્લા સચિવાલય, સેલવાસ ખાતે મુખ્ય અતિથિ જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરની અધ્યક્ષતામાં દાદરા અને નગર હવેલીના ૭૩મા 'મુક્તિ દિવસ'ની શાનદાર ઉજવણીનું આયોજન કર્યું હતું. તેમણે ધ્વજવંદન અને રાષ્ટ્રગીત સાથે સમારોહનો શુભારંભ કર્યો હતો.

પોલીસ વિભાગના કોન્સ્ટેબલો અને ભારતીય રિઝર્વ બટાલિયન, ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને હોમગાર્ડ પ્લાટૂનના સૈનિકો અને પોલીસ બેન્ડ અને એનસીસીના બાળકો દ્વારા રાષ્ટ્રગીત સાથે સલામી આપવામાં આવી હતી.

દાદરા નગર હવેલીના ૭૩મા 'મુક્તિ દિવસ' નિમિત્તે પ્રદેશના લોકોને શુભેચ્છાઓ પાઠવતા, જિલ્લા કલેક્ટર શ્રી પ્રિયાંક કિશોરે સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનને શ્રદ્ધાંજલિ આપી હતી અને દાનહના સર્વાંગી વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

પોતાના સંબોધનમાં શ્રી પ્રિયાંક કિશોરે જણાવ્યું હતું કે, સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને કુશળ માર્ગદર્શન હેઠળ, કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન શિક્ષણ, આરોગ્ય, ગ્રામીણ વિકાસ, ઔદ્યોગિક પ્રમોશન, માળખાગત સુવિધાઓ, પ્રવાસન, રમતગમત, મહિલા અને બાળ વિકાસ અને આપત્તિ વ્યવસ્થાપન સહિત વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે.

હવે પ્રદેશમાં પ્રવાસન ઉદ્યોગને વધુ પ્રોત્સાહન આપવા માટે, ૨૦૨૬માં મોન્સૂન ફેસ્ટિવલનું આયોજન કરવાની તૈયારીઓ ચાલી રહી છે, જે પ્રવાસન પ્રવૃત્તિઓ અને સ્થાનિક અર્થતંત્રને નવી ગતિ આપવાની અપેક્ષા છે.

-વધુ પેજ નં.૭ પર

# દેહરી ગામમાં દરિયાઈ ધોવાણ અને પૂરથી થયેલું વ્યાપક નુકસાનઃ ધારાસભ્ય રમણભાઈ એક્શન મોડમાં રૂા.૧૫ કરોડની પ્રોટેક્શન વોલ મંજૂર

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૦૨**



તાજેતરમાં વરસેલા અતિ ભારે વરસાદ અને પૂરના કારણે ઉમરગામ તાલુકાના દેહરી ગામમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ગામના અનેક ઘરોમાં પાણી ભરાઈ જવા સાથે ભંડારવાડ વિસ્તારમાં આવેલા સ્મશાન ગૃહ, બેઠક હોલ, ક્રિકેટ ગ્રાઉન્ડ અને મુખ્ય રસ્તાઓને દરિયાઈ ધોવાણને કારણે ભારે નુકસાન પહોંચ્યું હતું. આ ઘટનાની ગંભીરતા સમજીને ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વળવી, સરપંચ ધનેશભાઈ અને સ્થાનિક આગેવાનોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી પરિસ્થિતિનું તાગ મેળવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન ગામને દરિયાઈ ધોવાણથી કાયમી રક્ષણ આપવા માટે ધારાસભ્યએ દમણ ગંગા યોજના વર્તુળના અધિકારીઓ સાથે તાત્કાલિક ટેલિફોનિક વાતચીત કરી હતી અને જવાહરવાડીથી ભંડારવાડ, રામવાડી, ગોવાડા થઈ ઝાઈ બોર્ડર સુધીની અધૂરી પ્રોટેક્શન વોલ માટે ₹.૧૫ કરોડ મંજૂર કરાયા છે. જેની કામગીરીની શરૂઆત કરવા માટે અધિકારીઓએ ખાતરી આપી છે કે ૧૫ ઓગસ્ટ સુધીમાં ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી ઝડપથી શરૂ કરી દેવાશે. આ ઉપરાંત ધારાસભ્યની સૂચના બાદ પીડબ્લ્યુડી વિભાગે તૂટી ગયેલા રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે શરૂ કરી દીધું છે. સાથે સાથે ગામમાં નવું સ્મશાન ગૃહ બનાવવા માટે તાલુકા પંચાયતમાંથી ₹.૭,૦૦,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.

દેહરી ગામના અસરગ્રસ્ત ૧૬૧ પરિવારોને ₹.૮.૫૦ લાખથી વધુની સરકારી સહાય આપવામાં આવી છે. આ ઉપરાંત ડોમ્સ કંપની, ચંદન સ્ટીલ અને ગલવા કંપની દ્વારા જરૂરિયાતમંદોને અનાજની કીટ અને ગાદી-ચાદર જેવી રાહત સામગ્રી પૂરી પાડવામાં આવી હતી. મુશ્કેલીના સમયે રાત-દિવસ એક કરીને ખડેપગે સેવા આપવા બદલ દેહરી ગ્રામ પંચાયતે ધારાસભ્ય રમણભાઈ પાટકર, કલેક્ટર નિતિન સાંગવાન, ડીડીઓ, ટીડીઓ, મામલતદાર અને સમગ્ર સરકારી તંત્રનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

### વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ના આયોજન માટે નવી કોર કમિટીની રચના કરાઈ

# અધ્યક્ષ તરીકે ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ઉપાધ્યક્ષ તરીકે નાણામંત્રી કનુભાઈ દેસાઈની નિયુક્તિ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૨**



ગુજરાત સરકાર પ્રતિવર્ષે વાઈબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરે છે. ૨૦૨૭ના આ આયોજન માટે સરકારે કોર કમિટીની રચના જાહેર કરી છે. જેમાં અધ્યક્ષ તરીકે ઉપ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને ઉપાધ્યક્ષ તરીકે નાણા અને શહેરી વિકાસ કેબીનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની નિયુક્તિ કરી છે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ના સફળ અસરકારક આયોજન માટે સરકારે મહત્ત્વનું પગલું ભરી નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૩થી વાઈબ્રન્ટ ગુજરાત સમિટનો પ્રારંભ કર્યો હતો. જેમાં દેશના ઉદ્યોગપતિઓ, કંપનીઓના સી.ઈ.ઓ. ખાસ ઉપસ્થિત રહે છે. વાઈબ્રન્ટ ગુજરાતના આયોજનનો લક્ષ્યાંક ગુજરાતમાં વધુ વધુ ઉદ્યોગો સ્થાપાય વધુ ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં થાય તે છે. અને તેની સફળતા ભૂતકાળમાં યોજાયેલ ગુજરાત વાયબ્રન્ટ સમીટમાં જોવા મળી છે. પ્રતિ વર્ષે યોજાતી આ સમીટ આગામી ૨૦૨૭માં આયોજન થનારી છે. જેની સુકાની તરીકે શ્રી હર્ષ સંઘવી અને શ્રી કનુભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. વાપી માટે પણ આ એક ગૌરવ સમાન છે.

